RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 206* Date: 24.05.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### સતત સાતમાં દિવસે સક્રિય કેસ ૩ લાખની નીચે

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨.૪૦ લાખ કેસ નોંધાયા

### મે મહિનાના અંતમાં કોરોનાની રફ્તાર ધીમી પડી, ૩૫ દિવસ બાદ નવા કેસ ૨.૫૦ લાખની નીચે, એક જ દિવસમાં ૩.૫૫ લાખથી વધુ લોકોએ કોરોનાને આપી મ્હાત

*ન્યુ દિલ્હી,તા.૨૩*

કોરોના વાઈરસ વિરુદ્ધ જંગમાં ભારતને જીત મળતી હોય તેમ લાગી રહ્યું છે અને હવે કોરોનાની બીજી લહેર ધીમે-ધીમે નબળી પડી રહી છે. દેશના અલગ-અલગ ભાગોમાં લેવામાં આવેલા આકરા પગલા અને વૅક્સિનેશન અભિયાનની અસર હોવો જોવા મળી રહી છે, કારણ કે આ મહિનામાં પ્રથમ વખત છે, જ્યારે એક દિવસમાં ૨.૫૦ લાખની નીચે નવા કેસ મળ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨,૪૩,૭૭૭ નવા કોરોનાના પોઝિટિવ કેસો મળ્યાં છે. જે આ મહિનાના અત્યાર સુધીના સૌથી ઓછા કેસ છે. આટલું જ નહીં, પ્રતિદિન થનારા મોતના આંકડામાં પણ મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. આમ ૩૫ દિવસો બાદ કોરોનાના નવા કેસો ૨.૫૦ લાખની નીચે નોંધાયા છે. અગાઉ ૧૬મીં એપ્રિલે ૨,૩૪,૦૦૨ લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા. જ્યારે આજે એક દિવસમાં વધુ ૩,૭૮૮ દર્દીઓના મરણ નોંધાયા છે.

નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૨,૬૫,૨૮,૮૪૬ પર પહોંચી ચૂક્યો છે. જ્યારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધીમાં ૨,૯૯,૨૯૬ દેશવાસીઓને ભરખી ચૂક્યો છે.

હાલ દેશમાં કોરોના વાઈરસના એક્ટિવ કેસોની સંખ્યા ૨૮,૦૦,૪૦૩ પર પહોંચી ચૂકી છે. જો કે દેશમાં રિકવરી રેટ રાહત આપનારો છે. આજે એક જ દિવસમાં ૩,૫૪,૮૨૫ લોકો કોરોનાને માત આપવામાં સફળ થયા છે. જો નવા કેસ અને સ્વસ્થ થનારા દર્દીઓની સરખામણી કરીએ તો, જેટલા નવા દર્દીઓ મળ્યાં છે, તેના કરતાં ૧ લાખ વધુ દર્દીઓ સ્વસ્થ થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ મુજબ, ભારતમાં ગઈ કાલે કોરોના વાઈરસ માટે કુલ ૨૧,૨૩,૭૮૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. જેમાં કાલે કુલ ૩૨,૮૬,૦૭,૯૩૭ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યાં છે.

ભારતમાં ૨૧ મે સુધીમાં ૮૩,૧૩૫ મોત નોંધાયા છે, જે પાછળના ત્રણ અઠવાડિયામાં નોંધાયેલા ૪૩,૨૫૮ મોતથી ૯૨% વધુ છે. જેની સરખામણીમાં આંકડા જોઈએ તો તે ૧૦-૨૦



એપ્રિલ વચ્ચે ૫૯.૫ લાખથી ૨૦% વધીને ૧-૨૧ મે વચ્ચે ૭૧.૩ લાખ સુધી પહોંચ્યા. એટલે કે કેસની સરખામણીમાં મૃત્યુઆંકમાં ત્રણ ગણો ઉછાળો દેખાયો છે.

## ભારત બાયોટેક ૧ જૂનથી બાળકો પર 'કોવેક્સિન'નું ટ્રાયલ શરૂ કરશે




ન્યુ દિલ્હી,તા.૨૩

ભારત બાયોટેકે ૧-જૂનથી સ્વદેશી કોરોના વિરોધી રસી "કોવૅક્સિન"ના બાળકો પર મેડિકલ ટ્રાયલની યોજના બનાવી છે. હૈદરાબાદ સ્થિત વૅક્સિન બનાવતી કંપનીને તાજેતરમાં જ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા તરફથી ૨ થી ૧૮ વર્ષ સુધીના બાળકો પર ક્લિનિકલ ટ્રાયલ કરવાની મંજૂરી મળી ગઈ છે.

૨૨મી મેના રોજ હૈદરાબાદમાં ફિક્કી લેડીઝ ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ભારત બાયોટેકના બિઝનેશ ડેવલોપમેન્ટ અને ઈન્ટરનેશનલ એડવોકેસીના પ્રમુખ રચેશ એલ્લાએ કહ્યું કે, બાળકો પર વૅક્સિન ટ્રાયલ ૧-જૂનથી શરૂ થશે.

મીડિયા રિપોર્ટ મુજબ, એલ્લાએ કહ્યું કે, ભારત બાયોટેકને આ વર્ષના જ ત્રિમાસિકમાં લાઈસન્સ મળી શકે છે. ભારત બાયોટેકે કોવેક્સિન માટે વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝશન પાસે મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ભૂતકાળમાં પણ અમારી કેટલીક પ્રોડક્ટને વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝશનની મંજૂરી મળી ચૂકી છે. અમે ત્રીજા અથવા ચોથા ત્રિમાસિકના અંત સુધી કોવેક્સિન માટે મંજૂરી મળવાની આશા રાખી રહ્યાં છીએ.

અગાઉ મે મહિનામાં એક એક્સપર્ટ કમિટીએ ભલામણ કરી હતી કે, ૨થી ૧૮ વયજૂથ પર કોવેક્સિનનું ટ્રાયલ શરૂ કરી દેવું જોઈએ. કોરોના સંક્રમણની સંભાવિત ત્રીજી લહેર આવે તે પહેલા જ હેલ્થ એક્સપર્ટ બાળકો માટે અસરકારક અને સુરક્ષિત ડૉઝની માંગ કરી રહ્યાં છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૩૭૯૪
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૭૮૪૪૭૦
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૫૩
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૮૭૩૪
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૭૦૩૭૬૦

### તમામ બાળકોની ઉંમર ૦થી ૧૮ વર્ષ સુધીની,ગેહલોત સરકાર એલર્ટ

## રાજસ્થાનમાં કોરોનાની ત્રીજી લહેરની એન્ટ્રી! ૩૪૧ બાળકો પોઝિટિવ



*જયપુર,તા.૨૩*

કોરોનાની બીજી લહેર હજુ શમી નથી ત્યાં ત્રીજી લહેરના આગમનથી સ્થિતિ વધુ ભયજનક બની છે. રાજસ્થાનના દૌસા ખાતે કોરોનાની ત્રીજી લહેરનું આગમન વર્તાઈ રહ્યું છે. દૌસા ખાતે ૩૪૧ બાળકો કોરોનાની લપેટમાં આવ્યા છે, મતલબ કે ૩૪૧ બાળકોમાં કોરોના સંક્રમણની પૃષ્ટિ થઈ છે. કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાને ધ્યાનમાં રાખીને દૌસા જિલ્લા પ્રશાસન એલર્ટ થઈ ગયું છે.

દૌસા ખાતે ૩૪૧ બાળકોને કોરોના થયો છે અને તે તમામની ઉંમર ૦થી ૧૮ વર્ષ સુધીની છે. આ તમામ કેસ ૧ મેથી ૨૧ મે દરમિયાન નોંધાયા છે. જિલ્લાના ડીએમના કહેવા પ્રમાણે ૩૪૧ બાળકો કોરોના સંક્રમિત આવ્યા છે પરંતુ તે પૈકીના કોઈની સ્થિતિ સીરિયસ નથી. હાલ કોવિડની ત્રીજી લહેરની સંભાવનાને

### ત્રીજી લહેરમાં બાળકો સૌથી વધારે કોરોના પોઝિટિવ આવશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે, તમામ કેસ ૧મેથી ૨૧મે દરમ્યાન નોંધાયા

ધ્યાનમાં રાખીને દૌસા જિલ્લા હોસ્પિટલને એલર્ટ કરી દેવામાં આવી છે.

આ બધા વચ્ચે રાજસ્થાનના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના અટકાવવા માટે રાજસ્થાન સરકારે યુદ્ધ સ્તરે તૈયારીઓ શરૂ કરી દીધી છે. તે અંતર્ગત સ્વાસ્થ્ય વિભાગની ટીમ ગામે-ગામ અને ડોર-ટુ-ડોર ફરીને લોકોનો કોવિડ ટેસ્ટ કરશે. ગામોમાં જ કોવિડ સેન્ટર બનાવાશે અને પોઝિટિવ નોંધાય તે દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવશે. આ માટે ઘરે-ઘરે સર્વે અભિયાનની શરૂઆત પણ કરી દેવાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ત્રીજી લહેર પહેલા જ બાળકોમાં કોરોનાના કેસ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજ્યોમાં બાળકોમાં ખૂબ જ ઝડપથી સંક્રમણ ફેલાઈ રહ્યું છે. નિષ્ણાતોના મતે કોરોનાની ત્રીજી લહેર બાળકો માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. ત્રીજી લહેરમાં બાળકો સૌથી વધારે કોરોના પોઝિટિવ આવશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ સંજોગોમાં દૌસા ખાતે ૩૪૧ બાળકો કોરોનાની લપેટમાં આવ્યા તેથી મુશ્કેલીઓ વધી શકે છે.

કોરોનાની પહેલી લહેર દરમિયાન ૯ માર્ચથી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાન ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના ૧૯,૩૭૮ કેસ નોંધાયા હતા અને ૧૧થી ૨૦ વર્ષની ઉંમરના બાળકોના ૪૧,૯૮૫ કેસ સામે આવ્યા હતા. જ્યારે કોરોનાની બીજી લહેરમાં તમામ રેકોર્ડ તૂટતા દેખાયા હતા. માત્ર ૧૫ દિવસ એટલે કે ૧થી ૧૬ મે ૨૦૨૧ દરમિયાન ૧૯,૦૦૦ બાળકો કોરોનાની લપેટમાં આવી ચુક્યા છે.

નિષ્ણાતોના મતે મોટાભાગના બાળકો જે કોવિડથી પ્રભાવિત છે તેમનામાં સામાન્યરૂપે હળવો તાવ, ખાંસી, શરદી, શ્વાસ લેવામાં મુશ્કેલી, કબજિયાત, થાક, સૂંઘવા-સ્વાદની ક્ષમતા ઘટવી, ગળામાં ખારાશ, માંસપેશીઓમાં દુખાવો તથા નાક વહેવા જેવા લક્ષણોનો સમાવેશ થાય છે.

## કોરોના,મ્યુકરના કહેર વચ્ચે પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો

ન્યુ દિલ્હી,તા.૨૩

આજે ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તગડો વધારો થયો છે. દિલ્હીમાં રવિવારે પેટ્રોલ ૧૮ પૈસા અને ડીઝલ ૨૮ પૈસા મોંઘું થયું છે. દેશભરમાં પેટ્રોલના ભાવમાં ૧૫-૧૭ પૈસા પ્રતિ લીટર જ્યારે ડીઝલમાં ૨૫-૨૯ પૈસા પ્રતિ લીટર ભાવ વધારો થયો છે. જણાવી દઈએ કે શુક્રવારે ડીઝલની કિંમત ૨૯ પૈસા જ્યારે પેટ્રોલની કિંમત ૧૯ પૈસા વધી હતી. મે મહિનામાં અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલ ૧૨ વખત મોંઘું થયું છે. સતત વધી રહેલા ભાવના કારણે માત્ર ૧૨ દિવસમાં જ પેટ્રોલમાં ૩.૨૪ અને ડીજલમાં ૨.૯૪ રૂપિયાનો ભાવ વધારો નોંધાયો છે. જો કે કેટલાક રાજ્યોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને પાર કરી ચૂકી છે.

## રાજ્યો પાસે રસીના ૧.૬ કરોડથી વધુ ડોઝ ઉપલબ્ધ

ન્યુ દિલ્હી,તા.૨૩

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે હજુ પણ કોરોનાની વૅક્સિનના ૧.૬ કરોડ કરતા વધુ ડૉઝ ઉપલબ્ધ છે અને આવનારા ત્રણેક દિવસમાં જ તેમને વધુ ૨.૬૭ લાખ ડૉઝ પૂરા પાડવામાં આવશે, એમ કેન્દ્રના આરોગ્ય ખાતાએ કહ્યું હતું. આરોગ્ય ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અત્યાર સુધીમાં કોરોનાની રસીના ૨૧ કરોડ કરતા પણ વધુ ડૉઝ પૂરા પાડવામાં આવ્યા છે. ૨૧ મે ૨૦૨૧ સુધીમાં બગાડ સહિત આમાંથી ૧૯,૭૩,૬૧,૩૧૧ ડૉઝ વપરાઈ ગયા છે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. હજુ પણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે વૅક્સિનના ૧.૬ કરોડ કરતા વધુ (૧,૬૦,૧૩,૪૦૯) ડૉઝ ઉપલબ્ધ છે અને બેત્રણ દિવસમાં તેમને વૅક્સિનના વધુ ૨,૬૭,૧૧૦ ડૉઝ પૂરા પાડવામાં આવશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

## આસામમાં સુરક્ષાદળોને મોટી સફળતા, એન્કાઉન્ટરમાં ૬ ઉગ્રવાદી ઠાકર

ગુવાહાટી,તા.૨૩

આસામ રાઈફલ્સ અને આસામ પોલીસે રવિવારે સંયુક્ત ઓપરેશન ચલાવીને દિમાસા નેશનલ લિબરેશન આર્મીના ૬ ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા. અથડામણ નાગાલેન્ડ સરહદની પશ્ચિમમાં આવેલા કાર્બી આંગલોંગ જિલ્લામાં સર્જાયું હતું.

સેનાને અહીં ડીએનએલએના ઉગ્રવાદીઓ છુપાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તે દરમિયાન ઉગ્રવાદીઓએ ફાયરિંગ કર્યું હતું. જવાબી કાર્યવાહીમાં ૬ ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા.પોલીસના જણાવ્યા અનુસાર માર્યા ગયેલા ઉગ્રવાદીઓ પાસેથી મોટી સંખ્યામાં દારૂગોળો અને ૪ એકે-૪૭ મળી આવી છે.

સેનાનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ ઓપરેશન પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લાના એડિશનલ સુપ્રિટેન્ડેંન્ટ ઓફ પોલીસ પ્રકાશ સોનોવાલની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. દિમાસા નેશનલ લિબરેશન આર્મીની સ્થાપના ઉગ્રવાદીઓએ ૨ વર્ષ પહેલા કરવામાં આવી હતી. આ સંગઠન દિમાસા આદિવાસીઓ માટે એક સ્વતંત્ર દેશ બનાવવા માંગે છે.

સંગઠનના પ્રમુખનું નામ નાઈસોદાઓ દિમાસા અને સચિવનું નામ ખારમિનદાઓ દિમાસા છે. આ ઉગ્રવાદી સંગઠન આસામના ડીમા હસાઓ અને પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લામાં સક્રિય છે. આ પહેલા ૧૯ મેના રોજ ડીએનએલએના ઉગ્રવાદીઓએ ધનસિરી વિસ્તારમાં એક યુવકની હત્યા કરી હતી. આ ઘટના બાદથી સુરક્ષા દળોની ટીમ સતત આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

### ડબલ્યુએચઓના ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથનું નિવેદન

## કોરોનાની નેઝલ વેક્સિન બાળકો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે

જિનિવા,તા.૨૩

ભારતમાં અત્યારે ચારેય તરફ કોરોના વેક્સિનની બીજી લહેર ચાલી રહી છે. આ દરમિયાન ત્રીજી લહેરની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આગામી લહેર બાળકોને નિશાન બનાવી શકે છે. ઉલ્લેખનીય છે કે દુનિયામાં ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને અત્યારે વેક્સિન નથી લગાવવામાં આવી રહી.

એટલું જ નહીં, ભારતમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે કોઈ પણ વેક્સિનને લીલી ઝંડી નથી મળી. આ દરમિયાન વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથને કહ્યું છે કે, કોરોનાની નેઝલ વેક્સિન બાળકો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

આ પ્રકારની વેક્સિન નાક દ્વારા આપવામાં આવે છે. કહેવામાં આવે છે કે આ ઈન્જેક્શનવાળી વેક્સિન કરતા વધારે અસરદાર છે. સાથે જ આ લેવી પણ સરળ છે. સૌમ્યા સ્વામીનાથને કહ્યું કે, વધારેમાં વધારે સ્કૂલ ટીચરને વેક્સિન લગાવવાની જરૂરિયાત છે. આ સાથે જ તેમણે કહ્યું કે, બાળકોને ત્યારે જ સ્કૂલમાં મોકલવા જોઈએ જ્યારે કૉમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો ઓછો થાય. સ્વામીનાથને કહ્યું કે, "ભારતમાં બનેલી નેઝલ વેક્સિન બાળકો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આને બાળકોમાં લગાવવી સરળ હશે. સાથે જ આ રેસ્પિરેટરી ટ્રેકમાં ઈમ્યુનિટી વધારશે."

કેન્દ્ર સરકારે શનિવારના કહ્યું કે, બાળકો સંક્રમણથી સુરક્ષિત નથી, પરંતુ એ પણ કહ્યું કે, અત્યારે વાયરસની અસર બાળકો પર ઓછી થઈ રહી છે. દુનિયા અને દેશના આંકડાઓ પર નજર નાંખીએ તો ૩-૪ ટકા બાળકોને હૉસ્પિટલમાં ભરતી કરવાની જરૂર પડી છે.

નીતિ આયોગના સભ્ય વી.કે. પૉલે કહ્યું કે, "જો બાળકો કોવિડથી પ્રભાવિત થાય છે, તો યા તો કોઈ લક્ષણ નહીં હોય અથવા ઓછા લક્ષણો હશે. તેમને સામાન્ય રીતે હૉસ્પિટલમાં ભરતી થવાની જરૂરીયાત નથી, પરંતુ આપણે ૧૦-૧૨ વર્ષના બાળકો પર ધ્યાન આપવાની જરૂરીયાત છે.

## તંત્રી સ્થાનેથી...

# શું હોય છે જેનેરીક દવા? જેનેરીક દવા આટલી સસ્તી શા માટે હોય છે?

*આમ રીતે ડોક્ટર મોંઘી દવા લખે છે તેનાથી બ્રાન્ડેડ દવા કંપનીઓ ખૂબ નફો કમાય જાય છે. પરંતુ શું તમે જાણો છો કે તમે ડોક્ટર ની લખેલી દવા સસ્તી પણ ખરીદી શકો છો. જે તમારા ડોક્ટર તમને જે દવા લખીને આપે છે તે સ્થળની જેનેરીક દવા તમને ખૂબ સસ્તામાં મળી શકે છે. મોંઘી દવા અને તેજ કેમિકલની જેનેરીક દવા ની કિંમતમાં ઓછામાં ઓછા ૫ થી ૧૦ ગણાનો અંતર હોય છે. ઘણી વખત જેનેરીક દવાઓ અને બ્રાન્ડેડ દવાની કિંમતમાં ૯૦% સુધી માં પણ ફરક હોય છે.*

*કોઈ એક બીમારીના ઈલાજ માટે તમામ રિસર્ચ અને પછી એક કેમિકલ તૈયાર કરવામાં આવે છે. જે આસાનીથી ઉપલબ્ધ કરાવવા માટે દવાની શક્લ દેવામાં આવે છે. તે કેમિકલને દરેક કંપની અલગ અલગ નામોથી વેચે છે. કોઈ તેને ઉંચા ભાવમાં વેચે છે તો કોઈ સસ્તા પરંતુ આ કેમિકલને નામ કમ્પોઝિશન અને બીમારીને ધ્યાનમાં રાખતા એક સ્પેશિયલ કમિટી દ્વારા ડેટામિનેટ કરવામાં આવે છે. કોઈપણ કેમિકલનું નામ પૂરી દુનિયામાં એક જ હોય છે.*

*જ્યાં પેટન્ટ દવાઓ ની કિંમત કંપનીઓ ખુદ નક્કી કરે છે ત્યાં જેનેરિક દવા ની કિંમત નક્કી કરવા માટે સરકારનો`હીકિીહિષ્ઠી હોય છે. જેનાથી દવાઓની મનમાં ની કિંમત નક્કી નથી કરી શકાતિ. તે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મુતાબીક ડોક્ટર જો દર્દીઓને જેનરીક દવાઓ પ્રિસ્કાઈબ કરે તો ડેવલોપ કન્ટ્રીઝમાં હેલ્થ ખર્ચ ૭૦ ટકા અને ડેવલોપિંગ કન્ટ્રીઝમાં અને એનાથી પણ ઓછો હોઈ શકે છે. જેનરીક દવાઓ મોંઘી અને બ્રાન્ડેડ દવાઓ સસ્તી છે. તેનો અસર અને સાઇડ ઇફેક્ટ બધું બ્રાન્ડેડ દવાઓ જેવો જ હોય છે.*

*તેનો કમ્પોઝિશન પણ તે જ હોય છે તે ખૂબ જ સસ્તી એટલા માટે હોય છે કારણ કે તેને બનાવવા માટે માર્કેટિંગ અને મોટા પ્લાન્ટ ની રીત થી પૈસા ખર્ચ નથી કરતા. રોગ પર તેની અસર તેવી જ રીતે થાય છે જેવું નામી કંપની તેમજ દવાઓની અસર થાય છે. પરંતુ ખોટી અફવા બનાવી દીધી છે કે મોંઘી દવાઓ ની અસર જેનેરીક દવાઓ ના મુકાબલે વધારે જ વધારે થાય છે.*

*જેનરીક દવાઓ વિના કોઈ પેટન્ટ ના બનાવી અને સર્વ કરવામાં આવે છે. આ જેનેરિક દવાઓ ના ફોર્મ્યુલેશન પર પેટન્ટ હોઈ શકે છે પરંતુ તેના મટીરીયલ પેન્ટ નથી કરવામાં આવતો. ઇન્ટરનેશનલ સ્ટેન્ડથી બનેલી જેનરીક દવાઓ ની ક્વોલેટી બ્રાન્ડેડ દવાઓ થી ઓછી નથી હોતી ના તેનો અસર ઓછો હોય છે, તેના સાઇડ ઇફેક્ટ બધુ દવાઓ જેવું હોય છે. જેવી રીતે ઇરેક્ટાઇલ ડિસફંક્શન માટે વિયાગ્રા ખૂબ જ પોપ્યુલર છે. પરંતુ તેની દવા સિલડે નાફિલ નામ થી મોજૂદ છે. પરંતુ લોકો વિયાગ્રા લેવુ જ પસંદ કરે છે કારણ કે કે તે ખૂબ જ પોપ્યુલર થઈ ગઈ છે. તેની ખૂબ પબ્લીસીટી ઇન્ટરનેશનલ લેવલ પર છે.*

*જેનેરીક દવાઓનો પ્રચાર માટે કંપનીઓ પબ્લિસિટી નથી કરતી. દવાઓ બજારમાં આવવાની પહેલા દરેક રીતે ડીફકલટ સ્ટાન્ડર્ડ લેવલ થી ગુજરે છે. ઠીક એવી જ રીતે થી 'ગલાઈકેવ' બ્લડ કેન્સરના માટે ની દવા ની મહીનાભર ની દવા ની કિંમત ૧,૧૪,૪૦૦ રૂપિયા થશે જ્યારે બીજા ગ્રાન્ટની 'વીનેટ' દવાનો મહિના ભરનો ખર્ચ ૧૧,૪૦૦ થી પણ ઓછો થશે.*

*ઘણી વખત ડોક્ટર ફક્ત કેમિકલ નું નામ લખીને આપી દે છે અને ઘણી વખત ફક્ત દવાનો નામ. કેટલાક ખાસ બીમારી છે જેમાં જેનેરીક દવાઓ મોજૂદ હોય છે. પરંતુ તેની બ્રાન્ડેડ દવાઓ મોંઘી આવે છે. તે બીમારી છે જેમકે હાર્ટડીઝીઝ , ન્યુરોલોજી ડાયાબિટીસ ,કિડની , યુરિન . આ બીમારીઓની જેનેરીક અને બ્રાન્ડેડ દવાઓ ની કિંમતમાં ખૂબ જ વધારે અંતર જોવા મળે છે.*

*ડોક્ટરને કહો કે તે જેનેરીક દવા જ લખે. જેનેરીક દવા વધારે ચલણમાં ન હોવાના કારણે ડીલર પણ નહીં રાખતા હોય. જો તમે કોઈ દવા નિયમિત રૂપથી લઈ રહ્યા છો તો મેડિકલ વાળા થી કહો કે તે દવાની જેનેરીક દવા ઉપલબ્ધ કરાવે. મોટા શહેરમાં એક્સક્લૂસિવ જેનરીક મેડીકલ સ્ટોર હોય છે પરંતુ તેનો ઠીક પ્રચાર ન હોવાના કારણે તેનો લાભ લોકોને નથી મળી શકતો. મજબૂરી માં લોકો ને જેનેરીક દવા ની જાણકારી ન હોવાના કારણે મોંઘી દવા ખરીદવા પણ મજબૂર થઇ જાય છે.*

### કોરોનાની સંભવતઃ આગામી ત્રીજી લહેરને લક્ષમાં લઈને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સુવિધાઓ માટે

# જિલ્લા આયોજન મંડળની જિલ્લાકક્ષાની રૂા. ૧.૫ કરોડની ગ્રાન્ટને જિલ્લા પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડની મંજુરી

## નાંદોદ,ગરૂડેશ્વર અને તિલકવાડા તાલુકાના ૧૫ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સુવિધાઓથી સજ્જ કરવાનો ઘડી કઢાયેલું સુચારૂં આયોજન

રાજપીપલા,તા.૨૩

કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લામાં કોરોના સંક્રમણની પ્રવર્તમાન પરિસ્થિતિ ઉપરાંત કોરોનાની સંભવતઃ આગામી ત્રીજી લહેરના અનુમાનને લક્ષમાં લઈને તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય નીતિ આયોગ દ્વારા એસ્પિરેશનલ ડિસ્ટ્રીકટ (મહત્વાકાંક્ષી જિલ્લા) તરીકે કરાયેલી ઘોષણા અન્વયે કેન્દ્રીય નીતિ આયોગના વિવિધ પેરામીટર્સ અંતર્ગત આરોગ્ય ક્ષેત્રમાં પણ નિયત લક્ષ્યાંક સિધ્ધિ હાંસલ કરવાની સાથોસાથ જિલ્લાના આદિવાસી અને અંરિયાળ વિસ્તારની પ્રજાને ઘરઆંગણે જ શ્રેષ્ઠત્તમ આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહે તેવા ઉમદા અને પ્રજાભિમુખ અભિગમ સાથે નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડે નર્મદા જિલ્લા આયોજન મંડળની જિલ્લાકક્ષાની રૂા. ૧.૫ કરોડની આખા વર્ષ માટે જુદા-જુદા વિભાગોના વિકાસ કામો માટે ફાળવાની ગ્રાન્ટ અંતર્ગત જિલ્લાની આરોગ્યલક્ષી સુવિધાઓને પ્રાધાન્ય આપીને આ રૂા. ૧.૫ કરોડની આ ગ્રાન્ટનો ઉપયોગ નાંદોદ, ગરૂડેશ્વર અને તિલકવાડામાં આરોગ્યલક્ષી સુવિધાઓ વિકસાવવા માટે મંજુરીની મહોર મારી છે. મંજુર થયેલા આરોગ્યલક્ષી સુવિધાઓના ઉક્ત કામો જૂન, ૨૦૨૧ અંતિત પૂર્ણ કરીને આ વિસ્તારના પ્રજાજનોને વધુ આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના પ્રભારી સચિવ એસ.જે હૈદર અને જિલ્લા કલેકટર ડી.એ.શાહ દ્વારા કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિ અને આગામી સમયમાં કોરાનાના સંક્રમણની ઉદભવનારી સંભવતઃ પરિસ્થિતિને પહોંચી વળવા સતત ચિંતન અને મંથનના ફલ સ્વરૂપે નર્મદા જિલ્લા આયોજન મંડળની જિલ્લાકક્ષાની ઉકત રૂા.૧.૫ કરોડની ગ્રાન્ટનો આરોગ્યલક્ષી સુવિધાઓ ઉભી કરવાના પ્રયાસોને સફળતા મળી છે.




નર્મદા જિલ્લામાં આરોગ્યલક્ષી સુવિધાઓ માટે આયોજન મંડળની જિલ્લાકક્ષાની રૂા. ૧.૫ કરોડની મંજુર કરાયેલી ગ્રાન્ટ અન્વયે નાંદોદ તાલુકાના ૭, ગરૂડેશ્વર તાલુકાના ૪ અને તિલકવાડા તાલુકાના ૩ સહિત કુલ ૧૫ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સેન્ટ્રલી ઓક્સિજન લાઇનથી સજજ કરવાનું આયોજન ઘડી કઢાયુ છે. તેની સાથોસાથ દરેક PHC ને જમ્બો ઓક્સિજન ૫ સિલિન્ડર લેખે કુલ-૭૫ સિલિન્ડર ફાળવવામાં આવશે. હાલમાં તમામ PHC માં ઉપલબ્ધ ૬ બેડની સુવિધામાં વધુ ૬ બેડનો વધારો કરીને ૬ બેડ કોવિડ માટે અને ૬ બેડ નોન કોવિડ માટે ઉપયોગમાં લેવાશે. અને તેના માટે ઉકત-૧૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૯૦ નવા પલંગ અને દરદીઓના સામાન માટે ૯૦ નવા બેડ સાઇડ-ડ્રોવરની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે. તેવી જ રીતે સારવાર માટે દાખલ થયેલ દરદીઓ માટે મલ્ટીપારા મોનીટરની સુવિધા પણ ઉકત તમામ ૧૫ આરોગ્ય કેન્દ્રોમાં ઉપયોગ કરાશે. આ મલ્ટીપારા મોનીટરની સહાયથી દરદીનું BP, SPO2, પલ્સ, ટેમ્પરેચર વગેરેની વિગતો આ મોનીટર લાઇવ દર્શાવશે, જે દરદીઓની ઝડપી સારવારમાં સહાયરૂપ થશે. તેવી જ રીતે, નર્મદા જિલ્લા પંચાયત ખાતે એપેડેમિક મેડિકલ ઓફિસરની કચેરીમાં કાર્યરત કોવિડ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમને અદ્યતન કરીને રાત-દિવસ ૨૪ કલાક સતત ફરજ બજાવી રહેલા સ્ટાફ માટેની જરૂરી તમામ પ્રકારની અદ્યતન સુવિધાની ઉપલબ્ધિ સાથે તેને અપગ્રેડ કરાશે. તેની સાથોસાથ રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે દરદીઓના ડી-ડાઇમર, LDH, ફેરેટીન, CRP અને CBC જેવા લોહીના પરિક્ષણ માટે હાલમાં મશીનની સુવિધા ન હોવાથી આઉટસોર્સીંગથી થઇ રહેલી આ કામગીરીના સ્થાને હવે કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે આ સુવિધા ઉપલબ્ધ કરાશે. તદ્ઉપરાંત ઉકત તમામ ૧૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે લોહીની તપાસ માટે સેલ કાઉન્ટરની સુવિધા ઉભી કરાશે. જેથી દરદીઓને તાલુકાકક્ષાએ કે જિલ્લાકક્ષાએ આવવું ન પડે અને દરદીને ઘર આંગણે જ જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ સુવિધાઓ મળી રહે તેવું સુચારૂં આયોજન ઘડી કઢાયું છે. આમ, નર્મદા જિલ્લામાં આરોગ્ય સુવિધાઓ વધારવા માટેનો જિલ્લા પ્રશાસનનો આ ક્રાંતિકારી મહત્વપૂર્ણ નિર્ણય જિલ્લાની આરોગ્યલક્ષી સુવિધાઓ વધુ બહેતર બનાવવામાં જિલ્લાની પ્રજા માટે આશિર્વાદરૂપ બની રહેશે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ભુજ તાલુકાનુ કુનરીયા ગામ ગ્રામવાસીઓની સાવચેતીના પગલે કોરોના મુક્ત ગામ બન્યુ

મોબાઈલની રીંગ વાગી અને સામેથી અવાજ આવ્યો ,×બેન એક સારા સમાચાર છે .મેં પૂછ્યું ,×શું ?! અને ઉમળકાભેર સામેથી અવાજ આવ્યો ,×બેન મારુ ગામ કોરોના મુક્ત ગામ બની ગયું.!,×હા પણ તમે કયા ગામ થી બોલો છો?×મેં પૂછ્યું ×હા હું કુનરીયા ગામનો સરપંચ બોલું છું સુરેશભાઈ છાંગા.... ××ઓહો સરસ .પસરસ. તમારું ગામ કોરોના મુક્ત બની ગયુ એમ !!

ફરી એ જ ઉત્સાહમાં સરપંચ બોલ્યા ,×બેન મારું ગામ કોરોના મુક્ત ગામ બન્યું છે. ! કોરોના મુક્ત બનેલા કુનરીયા ગામ ની વાત તમને કરું તો સરપંચના શબ્દોમાં,.........લોકભાગીદારી થી ૧ એપ્રિલ થી મારુ ગામ કોરોના મુક્ત ગામ અભિયાન અંતર્ગત કચ્છ જીલ્લા ના કુનારિયાં ના ગામલોકો એ,આરોગ્ય વિભાગ અને કોવીડ રિસ્પોન્સ ટીમ ના સંયુક્ત પ્રયાસોથી કુનરીયા ગામ કોરોના મુક્ત બન્યું છે. કોવીડ ની બીજી વેવ ગામડામાં ખૂબ મોટી અસર કરી હતી. કોરોનાના પરિપેક્ષમાં ગામડાં ઓમાં પણ સંક્રમણ વધી રહ્યું હતું. સારવાર કરતાં સાવચેતી વધુ સારી એ આશય સાથે ગામમાં કોરોના ના પ્રવેશે એની ચિંતા શરૂ થઈ. અહીં આરોગ્ય વિભાગ દ્વારા તમામ ઘરો નું સર્વે કરવામાં આવ્યું કોરોના ના લક્ષણ વાળા લોકોનું રેપીડ ટેસ્ટ કર્યું ૧૩ જેટલા પોઝિટિવ કેસ આવ્યા હતા. આ તમામને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા. આવા દર્દીઓને સાવધાની રાખવા જાણકારી આપવામાં આવી તેમજ જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.જેમાં કોરોનાના લક્ષણો હોય તો શું કાળજી રાખવી વગેરે બાબતો પર લોકોને માહિતગાર કરાયા. શેરીઓમાં સાદ પાડવામાં આવ્યો લાઉડ સ્પીકર થી જાણ કરાઈ.

બેનર અને ઈન્ટરનેટના માધ્યમથી લોકોને માહિતગાર કરાયા હતા.લોકો માસ્ક પહેરે ,વ્યક્તિગત અંતર રાખે અને વારંવાર હાથ ધોવા જેવી આદતો લોકો રાખે તે માટે વારંવાર સૂચવવામાં આવતું હતું. દુકાનદારોને સમજાવી સતત ૨૨ દિવસ આંશિક લોકડાઉન રાખવામાં આવ્યું. સામાજિક મેળાવડા પર પ્રતિબંધ મૂકવો નિયમિત ડોક્ટર અને આરોગ્ય કર્મચારી ની દેખરેખ થી કુનરીયા ગામ કોરોના મુક્ત બન્યુ છે. લોકોને રસીકરણ માટે પણ જાગૃત કરાયા છે .આ ઉપરાંત પંચાયતમાં ॅ.. મોનિટર , પલ્સ ઓક્ષીમીટર , થર્મલ ગન વગેરે જેવા સાધનો પણ વસાવ્યા છે. લોક લોકભાગીદારી, અનુશાસન, આરોગ્ય વિભાગ અને પંચાયતના પ્રયત્નોથી કુનારિયા કોરોના મુક્ત બન્યું.....

રાષ્ટ્રીય સામયીક ફ્રન્ટલાઈન મા કુનરીયા ગામ નો અહેવાલ પણ આવ્યો છે. સાચે જ સૌનો સહયોગ મળે અને ગ્રામવાસીઓ સાવચેતી અને સલામતી ના પગલા અમલમાં મૂકીને જીવન જીવવાનું ચાલુ કરે તો મુખ્યમંત્રીશ્રીનો આ સંકલ્પ મારુ ગામ કોરોના મુક્તગામ કુનરીયા વાસીઓ ની જેમ સૌ કોઈ સાર્થક કરી શકે છે.

# માણાવદરની જે.એમ પાનેરા કોલેજમાં મહારક્તદાન કેમ્પ યોજાયો




કોરોના મહામારી ને કારણે સમાજમાં થેલેસેમિયાના દર્દીઓ તેમજ સગર્ભા મહિલાઓને લોહીની અછત વર્તાતી હોય આ અછતને પહોંચી વળવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત માધવ સ્મારક સમિતિ અને ભારત વિકાસ પરિષદ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં કુલ ૧૦૩ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પમાં સરકારશ્રીની કોરોના ગાઈડલાઈન, સોશીયલ ડિસ્ટન્સ વગેરેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. આ તકે સંઘના સંઘચાલકશ્રી ભાવેશભાઈ માકડીયા, કાર્યવાહ શ્રી ગોવિંદભાઈ ડઢાણીયા ભારત વિકાસ પરિષદના પ્રવીણભાઈ સોલંકી, દક્ષેશભાઈ ભોજાણી તેમજ સંઘના અને પરિષદના ૩૦ ઉપરાંત સ્વયંસેવકોએ ખૂબ મોટી જહેમત ઉઠાવી આ રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો. રક્તદાન કેમ્પમાં પોરબંદરની આશા વોલેન્ટરી બ્લડ બેન્કએ સહયોગ આપ્યો હતો કાર્યવાહ શ્રી ગોવિંદભાઈ તમામ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને સાથે સાથે તમામ રક્તદાતાશ્રીઓને પ્રમાણપત્ર અને ગિફ્ટ પણ આપવામાં આવેલ હતી.

તસવીર અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

# વાવાઝોડામાં સંપૂર્ણ નાશ પામેલ મકાનો માટે સરકાર ૯૫૦૦૦ની સહાય કરશે

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં આવેલા તૌક્તે વાવાઝોડાના કારણે દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે નુકસાન થયું છે. કેંદ્ર સરકાર દ્વારા ૧ હજાર કરોડની સહાય જાહેર કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજયમાં તાજેતરમાં આવેલા તૌક્તે વાવાઝોડાને પરિણામે મકાનો, ઝુપડાઓ વગેરેને થયેલા નુકસાનની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

તૌક્તે વાવાઝોડાના પરિણામે નુકસાન અને નાશ પામેલા કાચા અને પાકા મકાનો, ઝૂંપડાઓ, અંશતઃ નુકસાન પામેલા કાચા મકાનો વગેરે અંગેનો સર્વે અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા તંત્રો દ્વારા હાથ ધરવામાં આવી રહ્યો છે. શહેરી વિકાસ તેમજ પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં આવા સર્વે માટે અન્ય જિલ્લાઓમાંથી વધારાનો મેન પાવર બોલાવીને તેમની પણ સેવાઓ આ સરવેમાં લઈ સર્વે કામગીરી વેગવાન બનાવવામાં આવી છે. વાવાઝોડાની ગંભીરતાને ધ્યાને લઈને આવા મકાનોને થયેલા નુકસાન અંગે નુકસાન સહાયના ધોરણો મુખ્યમંત્રીએ જાહેર કર્યા છે.

તૌક્તે વાવાઝોડાને પરિણામે રાજ્યમાં સંપૂર્ણ નાશ પામેલા મકાનો માટે રૂ. ૯૫,૧૦૦ની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. અંશતઃ નુકસાન પામેલા કાચા - પાકા મકાનો એટલે કે છાપરા- નળીયા ઉડી ગયા હોય, કોઈ દિવાલ ધારાશાયી થઈ ગઈ હોય તેવા મકાનો માટે રૂ. ૨૫,૦૦૦ની સહાય અપાશે. આ વાવાઝોડાને પરિણામે જે ઝૂંપડાઓ નાશ પામ્યા છે તે ઝૂંપડાઓ માટે રૂ.૧૦,૦૦૦ની સહાય તેમજ પશુ રાખવાની જગ્યા ગમાણ - વાડાને થયેલા નુકસાન માટે રૂ.૫,૦૦૦ની સહાય રાજ્ય સરકાર આપશે.

# ગરમાળો (આરોગ્ય ઉપચાર)

ગુણ-કર્મ

વિવિધ ઊપયોગો

૨૦ થી ૩૦ ફૂટ ઊંચા ગરમાળાના વૃક્ષની ઓળખ એ તેની મરુન રંગની પાકેલી તથા લીલા રંગની એકથી દોઢ ફૂટ લાંબી અંગૂઠા જેટલી જાડી ગોળ મજાની લાકડી જેવી શિંગો અને તેની ઊપર આવતાં ઝુમ્મર જેવાં તાજા-પીળા વર્ણના ફૂલો એ જ તેની ઓળખ છે.તેની વિશેષતા એ છે કે ચૈત્ર-વૈશાખ મહિનામાં પાન ખરી જાય છે. અને પહેલાં ફૂલો આવે છે ત્યારે માત્ર ડાળી પર ફૂલો જ જોવા મળે છે .ત્યારબાદ પર્ણો નવા ફૂટવા લાગે છે. અને લીલાછમ વૃક્ષમાં પીળાં રંગનાં ઝુમ્મર લટકાવ્યા હોય તેવાં દેખાય છે. તે સુવર્ણ સમાન ચમકદાર અને આકર્ષક લાગવાને કારણે જ તેનું એક નામ સ્વર્ણવ?ક્ષ પણ છે.આરગ્વધ ગરમાળો એ ચતુરંગુલના નામથી પણ ઓળખાય છે.

चतुरंगुल मृदुविरेचनानामृद्ध

ગરમાળાનું મુખ્ય કર્મ એ મૃદુ વિરેચનનું છે તેની શિંગ એ ચાર આંગળની માત્રામાં લેવાની હોઈ તેનું નામ જ ચતુરંગુલ આપણા ઋષિઓએ પાડેલ છે. ગરમાળાનાં પાન, છાલ

શિંગ, ગરમાળાનો ગોળ, ફૂલ તમામ અંગો એ ઔષધીય ગુણ ધરાવે છે. ગરમાળાની શિંગોમાં રહેલ ગરને ગરમાળાનો ગોળ કહે છે. એ મુખ્યત્વે ઔષધ તરીકે વપરાય છે.

બજારમાં મળતી શિંગો અથવા ગરમાળાનો ગોળ એ સડેલો ,ઘણીવાર ખોટો થઈ ગયેલો અને મધુર હોવાથી ઘણીવાર તેમાં જીવડાં પડી ગયેલ પણ જોવા મળે છે. પણ જો તેનો યોગ્ય ઊપયોગ કરવો હોય તો તેનો વિધિસર સંગ્રહ કરવો પડે અને તેના માટે જ્યારે શિંગો આખી પાકીને મરુન વર્ણની થઈ જાય પછી જ ઝાડ પરથી ઊતારીને તેને સાત દિવસ સુધી રેતીમાં દાટી રાખવી અને પછી તેને બહાર કાઢીને તાપમાં તપાવવાથી ગોળ ઓગળવા લાગશે અને તે ગોળ કાઢીને તેને ચુસ્ત બંધ બોટલમાં ભરીને રાખવો અને આવા ગરમાળાનો ગોળ એ શ્રેષ્ઠતમ પરિણામ આપનાર નીવડે છે.

તેનો સ્વાદ એટલો મધુર છે કે બંગાળમાં તો તમાકુને વધુ સ્વાદિષ્ટ બનાવવા માટે ગરમાળાના ગોળની એક ભાવના પણ આપવામાં આવે છે. કદાચ આ તમાકુથી કબજિયાતમાં રાહત થતી હશે એવો સર્વે થાય તો ખબર પડે!...

અમુક ફાર્મસીઓ દ્વારા બનાવવામાં આવતી ગરમાળાના ગોળ સાથેની ટીકડીઓમાં ગોળની જગ્યાએ સીધેસીધું જ શિંગોનું ચૂર્ણ નાખવામાં આવે છે. ત્યારે આવા સંજોગોમાં ગરમાળો કેટલા અંશે પોતાની શકિત બતાવી શકે ?

ગુણ-કર્મ

ગરમાળો એ ગુરુ, સ્વાદિષ્ટ, શીતળ અને મૃદુ રેચન કરાવનાર છે. તેથી જ તે જ્વર,

હૃદયરોગ, રકતપિત્ત, વાત, ગોળો, શૂલનાશક પણ છે.

ગરમાળાના ફળ એ રુચિકર, કુષ્ઠઘ્ન (ચામડીના રોગોને મટાડનાર, પિત્તશામક, કફશામક, તથા જ્વરમાં સદાય પથ્ય ગણાવેલ છે. ઊપરાંત કોષ્ઠશુધ્ધિ કરવામાં તે શ્રેષ્ઠ ગણાવેલ છે.

ગરમાળાના પાન એ કફ અને મેદશોષક ગુણ ધરાવે છે. મળને ઢીલો કરનાર તથા ખંજવાળ મટાડનાર છે.

ગરમાળાનાં ફૂલ એ શીતળ, સ્વાદુ-મધુર, વાયુ વધારનાર તથા કફ-પિત્તનું શમન કરનાર છે.

મજ્જા – ફલમજ્જા એ મધુર, સ્નિગ્ધ અને જઠરાગ્નિ વધારનાર છે.

વિવિધ ઊપયોગો

કબજિયાત – ગરમાળાનો મુખ્ય ઊપયોગ જ મૃદુરેચન આપવામાં થાય છે. કાયમી કબજિયાત રહેતો હોય તથા તીક્ષ્ણ ઔષધ ન આપી શકાય તેવી સ્થિતિમાં ગરમાળાની શિંગને ચાર આંગળ પ્રમાણમાં કૂટીને તેને ગરમ પાણીમાં ઊકાળવાથી તેનો ગોળ એ બહાર આવીને પાણીમાં ભળી જાય છે તેને ગાળીને નિયમિત આપવાથી તે આંતરડામાં ચોંટેલા મળને ધીરે ધીરે ઊખાડીને બહાર લાવવાનું કામ કરે છે.

ચર્મરોગ – ચામડીના રોગોમાં પણ રકતદૃષ્ટિ મોટેભાગે પિત્તનાં કારણે જ હોવાથી જો ગરમાળાના ગોળનું નિત્ય મૃદુવિરેચન આપવામાં આવે છે. તો રકતશુધ્ધિ થવાથી ચર્મરોગ મટે છે.

ખંજવાળ – ખંજવાળની તકલીફમાં ગરમાળાના પાનનું બારીક ચૂર્ણ કરીને તેને સ્નાન કરતી વખતે ગરમ પાણીમાં નાંખીને સ્નાન કરાવવામાં આવે તો ખંજવાળમાં રાહત થવા લાગે છે. વળી એક – એક ચમચી પાનનું ચૂર્ણ ખાવામાં પણ લેવાથી તે મૃદુરેચન લાવીને ખંજવાળને મટાડે છે.

બાળકોને રેચન – નાના બાળકોને ઘણીવાર કબજિયાત જોવા મળે છે. અને આવા સંજોગોમાં મળ કઠણ થઈ જવાને કારણે ગુદામાં ચીરા પણ પડવાની શકયતા ઊભી થાય છે ત્યારે ગરમાળા ગોળનું પાણી અથવા તો ગરમાળાના ગોળમાંથી બનાવેલ સ્વાદિષ્ટ સીરપ જો આપવામાં આવે તો ફાયદો થાય છે.

ઊદરશૂલ – ઊદરશૂલનું મુખ્ય કારણ એ કબજિયાત અને તેને કારણે થયેલ ગોળો જ હોય છે.આવા સંજોગોમાં ગરમાળાનાં ગોળને થોડું સંચળ ઊમેરીને આપવાથી ફાયદો થાય છે.

જ્વર – ज्वरेतु सततं पथ्यं कोषशुध्दिकर? परम् જ્વરની અવસ્થામાં પિત્તશમન આવશ્યક હોય છે .વળી તીક્ષ્ણ વિરેચન એ આપી શકાય નહીં ત્યારે માત્ર ને માત્ર ગરમાળો જ જ્વરમાં કોષ્ઠશુધ્ધિ કરાવનાર, આમપાચન કરાવનાર અને પિત્તશમન કરાવનાર હોઈ ગરમાળાનાં ગોળનો ચાર આંગળ પ્રમાણમાં લઈને ઊકાળો કરીને નિયમિત રીતે આપવાથી દોષો ધીરે ધીરે બહાર નીકળવાની સાથે જ્વર તાવ મટવા લાગે છે.

# કુકરેજ ગામ નજીક દરગાહ પાસે મોટર સાઈકલ અને રીક્ષા સાથે નડેલા અકસ્માતમા એકનું મોત

રાજપીપલા, તા ૨૩

નર્મદાના તિલકવાડા તાલુકાના કુકરેજ ગામ નજીક દરગાહ પાસે મોટર સાઇકલ અને રીક્ષા સાથે નડેલા અકસ્માત મા એકને ગંભીર ઈજા થવા પામી હતી.જેમાં રીક્ષાને નુકશાન થવા ઉપરાંત પાંચ જણાને ઈજા થવા પામી હતી. આ અંગે તિલકવાડા પોલીસ મથકે અકસ્માત મોત ગુનાની ફરિયાદ નોંધાઈ છે.

જેમાં ફરીયાદી આરીફખાન ઉસ્માનખાન જાતે રાઠોડ (ઉ.વ.૪૨ ધંધો ડ્રાઇવીંગ રહે. વોરા રાઠોડ ફળીયુ તા.તિલકવાડા)એ આરોપી મો.સા. નબર જી.જે.૩૪ ઈ ૧૦૬૮ ના ચાલક સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત અનુસાર મોટર સાઇકલ નંબર જી.જે.૩૪ ઈ ૧૦૬૮ ના ચાલકે પોતાના કબજાની મો.સા.ત્રણ સવારી બેસાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રીક્ષા નંબર જી.જે.૦૬ ડબલ વાય ૯૫૫૫ ની સાથે સામે થી ટક્કર મારતા રીક્ષાનો આગળનો ભાગ તૂટી ગયો હતો.અને મો.સા.સાથે પડીજઇ મો.સા.સવાર ત્રણેય ને માથાના ભાગે તથા શરીરે ઓછી વતી ઈજાઓ થવા પામી હતી.તેમજ રીક્ષામાં બેઠેલ એક પેસેન્જર નો ડાબો હાથ ભાગી નાખી તેમજ જમણા

પગના થાપા તેમજ ઘુટણ ભાગે ઈજાઓ કરી તેમજ ફરીયાદી ને કપાળના ભાગે ઈજાઓ પહોચાડી અને મો.સા.સવાર જશુભાઇ હરીભાઇ ભીલ (ઉ.વ.૪૦ રહે.ભરવાડા

તા.નસવાડી જી.છોટાઉદેપુર )ને એસ.એસ.જી.હોસ્પીટ લ વડોદરા સારવારમાટે ખસેડતાત્યાં તેમનું સારવાર દરમ્યાન દરમ્યાન મોત નીપજ્યું હતું.પોલીસે અકસ્માત મોત નો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

જ્યોતિ જગતાપ, રાજપીપલા

યુગોની તરસ લઈ ફરું છું સદાયે,
દિવસને વરસ લઈ ફરું છું સદાયે,
ખજાનો ભરી પ્રેમનો આ હ્રદયમાં,
હવે હું પરસ લઈ ફરું છું સદાયે,
હવે તો જીવન લખ્યું નામે તમારે ,
જુઓ હું ફરસ લઈ ફરું છું સદાયે,
નશો આંખમાં જો છવાયો ઘણોયે,
બધા કે ચરસ લઈ ફરું છું સદાયે,
ન સમજે કશું કોઈ તો હું કરું શું?
પ્રણયનો હું રસ લઈ ફરું છું,સદાયે,
ઘડાઈ ગયો ઠોકરો ખાઈને હું ,
અનુભવ સરસ લઈ ફરું છું સદાયે,
સુધારી દઉં છું દિવસ જોઈ તમને,
તમારા દરસ લઈ ફરું છું સદાયે,



હિંમતસિંહ ઝાલા (બાલાસિનોર)

## ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા આજે અમદાવાદમાં પાલડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મહિલા મોરચા દ્વારા આજે અમદાવાદ પાલડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ સુધી યોજાયેલા આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૨ જેટલી બોટલો રક્ત દાન કરવામાં આવ્યું મહાલક્ષ્મી સોસાયટી પાલડી ખાતે સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ blood bank ના સહકાર થી યોજાયેલ આ કેમ્પમાં ડો દિપીકાબેન સરડવા અધ્યક્ષાશ્રી ગુજરાત પ્રદેશ મહિલા મોરચા, શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ પ્રદેશ મહામંત્રી, શ્રી રાકેશભાઈ શાહ ધારાસભ્યશ્રી, અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબેન પટેલ ,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ ,પક્ષના નેતાશ્રી ભાસ્કરભાઈ ભટ્ટ ,ગુજરાત પ્રદેશ સહ કોષાધ્યક્ષ અને મહાનગર પ્રભારી શ્રી ધર્મેન્દ્ર ભાઈ શાહ, મહિલા મોરચાના શ્રી લીપી બેન ખાધાર , શ્રી શ્રદ્ધાબેન રાજપુત, શ્રી શ્રદ્ધાબેન ઝા ,શ્રી દર્શનાબેન તથા શ્રી દિપીકાબેન ત્રિવેદી હાજર રહ્યા હતા

## બનાસકાંઠા ગૌશાળા-પાંજરાપોળ ફેડરેશનની અધ્યક્ષતા હેઠળ ગૌશાળા પાંજરાપોળને આર્થિક સહાયની રજૂઆત અંગે બેઠક



ગૌશાળા પાંજરાપોળોમાં આશ્રિત પશુઓ મોટાભાગના ખેડૂતનાં બિનઉપયોગી,સરકારની વિવિધ એજન્સી દ્વારા તેમજ કતલખાને જતાં બચાવેલ હોય છે તેમને સેવાના ભાવે નિભાવવામાં આવે છે.તેમનો નિભાવ દાતાઓ દ્વારા મળતા દાનથી થતો હોય છે.ગત વર્ષે કોરોના મહામારીનાં કારણે દાનની આવક બંધ થઇ ગઈ હતી જેના કારણે સંસ્થાઓ આર્થિક ભીંશમાં હતી તે સમયે રાજય સરકાર તરફથી પ્રતિ પશુ પ્રતિદિન રૂ.૨૫ મુજબની રોકડ સહાય પાંચ માસ માટે મળેલ હતી. જયારે કુદરતી કે કૃત્રિમ આફતો આવે છે ત્યારે સરકાર તરફથી યોગ્ય સહાય મળતા જીવોનો નિભાવ કરવામાં સરળતા પડે છે.

આ વખતે તો કોરોના મહામારીમાં ગતવર્ષ કરતા ખુબજ કફોડી સ્થતિ સર્જાઈ છે.સરકાર પણ માનવ જીવનની રક્ષા માટે તમામ પ્રયાસો કરી રહી છે અને તેની સાથે સેવાભાવી સંસ્થાઓ પણ જોડાઈ છે. ત્યારે ગૌશાળા પાંજરાપોળોને મળનારું દાન બંધ થઇ ગયું છે.દેવું થવા લાગ્યું છે હવે તો કોઈ ઉધારમાં પણ ઘાસચારો આપતું નથી તો સંસ્થાઓમાં આશ્રિત જીવોને કેમ જીવાડવા તે મોટો પ્રશ્ન છે. જે માટે રાજયનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજૂઆત કરવામાં આવી હતી, પણ તે બાબતે હજુસુધી કોઈ પ્રત્યુતર મળેલ નથી. રજૂઆતને ધ્યાનમાં લઈ યોગ્ય સહાય જાહેર કરો જેથી આ અબોલ પશુઓ ભૂખે ના મરે. જીવદયા પ્રેમીઓ આવી રીતે હજારો જીવોને ભૂખથી મરતા નહી જોઈ શકે માટે પશુ કલ્યાણ માટે ગૌશાળા પાંજરાપોળ સંચાલકોએ ઉપવાસ પર બેસવાની ફરજ પડે તે પહેલા રાજ્યના પશુઓનાં વહારે આવી યોગ્ય સહાય સત્વરે જાહેર થાય તેવી આશા છે.

બનાસકાંઠા ગૌશાળા-પાંજરાપોળ ફેડરેશનનાં પ્રમુખ ચિનુભાઈ શાહ, મેનેજીંગ ટ્રસ્ટી જયંતીલાલ દોશીની અધ્યક્ષતા હેઠળ કોરોનાની મહામારીના કારણે ગૌશાળા પાંજરાપોળને સરકાર તરફથી આર્થિક સહાય મળે તે માટે આગામી કાર્યક્રમ અંગે ચર્ચા કરવા માટે એક અગત્યની મિટિંગનું આયોજન કોરોના ગાઈડલાઈન્સનું સંપૂર્ણ પાલન કરીને કરવામાં આવશે. આ મીટીંગ તારીખ ૨૩ રવિવારનાં રોજ શ્રી સિદ્ધયોગી દેવનાથજી મહારાજ પાતાલેશ્વર ગૌશાળા મુ.ચેકરા તા-ડીસા મુકામે બપોરે ત્રણ કલાકે રાખવામાં આવી છે. તમામ ગૌશાળા-પાંજરાપોળના સંચાલકો,કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અંગે વિનંતી કરવામાં આવી છે.

- મિત્તલ ખેતાણી

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૬ ગદ્ય રચનાં.... .વિષય : વિદેશ ની વાટે,વતન ની વાટે. દિવસ - ૭

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

### NOG SS NO.0031

વિભાગઃ- ગદ્ય
વિષયઃ-વતનની વાટે
પ્રકાર-ટૂંકી વાર્તા
શીર્ષકઃ-દિલની ખુશી

રમાબેન અને રમેશભાઇ છેલ્લા દસ વર્ષથી અમેરિકામાં દીકરા ,વહુ, પૌત્ર, પૌત્રીઓ સાથે ખૂબ આનંદથી રહેતા હતાં.પરિવારના બધાં સભ્યો બા-બાપુજીને ખૂબ જ માનથી અને પ્રેમથી રાખતા હતાં.દીકરાઓનો બિઝનેસ પણ ખૂબ સારો હોવાથી પૈસાનો પણ કોઇ અભાવ નહોતો.

રમેશભાઈ અને રમાબેનને આટલું બધું સુખ હોવા છતાં એ લોકો અમેરિકા આવ્યા પછી ક્યારેય પણ દિલથી ખુશ નહોતા. હંમેશા તેમને પોતાના ગામની, મિત્રોની અને પરિવાર જેવા પાડોશીઓની હંમેશા યાદ આવતી.
અમેરિકામાં? તેમને મિત્રો અને પાડોશીઓની? ખોટ લાગતી.
આપણી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે તો મિત્ર અને પાડોશીનું મહત્વ પરિવાર જેટલું જ હોય છે.જેની સાથે આપણે સુખ દુઃખ વહેંચી શકીએ.એક ભાણે બેસી જમી શકીએ.

આખરે એક દિવસ રમેશભાઇ અને રમાબેને છોકરાંઓને પોતે પાછાં તેમના ગામ જવા માંગે છે તે કહી જ દીધું.આ સાંભળી પહેલાં તો બધાં મુંઝવણમાં મૂકાઇ ગયા કે નક્કી બા-બાપુજીને અમારા તરફથી કંઇ ખોટું જ લાગ્યું હોવું જોઇએ તો જ તેઓ પાછા ગામ જવાની વાત કરે.તેમના મોટા દીકરા વહુએ તેમને પાછાં જવાનું
કારણ પૂછ્યું.તો બંનેએ મિત્રો અને પાડોશી વચ્ચે રહેવાની મજાનો અહીં અભાવ હોવાનું અને આ કારણે તેમને ગામમાં પાછા જવાનું કહ્યું. આ સાંભળી બંને દીકરાના પરિવારે તેમને કહ્યું," બા-બાપુજી તમે બંને એકલાં જ આવાં જીવનનો આનંદ લો એવું થોડું જ ચાલે અમારે પણ આ આનંદ લેવો છે.અમે આપણાં ગામમાં કોઈ કામ ધંધો કરીશું.એ નહીં કરીએ તો ગામનાં આપણાં ખેતરમાં ખેતી કરીશું." થોડાં સમયમાં? જ રમેશભાઇ અને રમાબેન દીકરા ,વહુ અને તેમનાં બાળકો સાથે પોતાના ગામ આવી ગયાં.અને તેમના દીકરાઓ તેમના ખેતરમાં આધુનિક રીતે ખેતી કરવા લાગ્યાં.અને અમેરિકામાં? જેટલું કમાતા એટલું જ ખેતીમાં કમાવવા લાગ્યા.અને ગામની રહેણી કહેણીથી આખો પરિવાર દિલથી ખુશ રહેવા લાગ્યો.

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

### NOG SS No.0007

વિભાગ : ગદ્ય
વિષયઃ વતનની વાટે
શીર્ષક : પરદેશગમન એક લાલસા

"જુઓ નગીનદાસભાઈ, અમે અમારી દીકરી માત્ર અને માત્ર તમારા વિશ્વાસે દરિયાપાર તમારા દિકરા ચંદ્રેશ સાથે પરણાવી હતી.અમને હતું કે અહીં ભારતમાં જે પરિવારની ખાનદાનીના ઉદાહરણો અપાતાં હોય એવા ઘરનાં કૂળદીપકમાં કંઈ જોવા જેવું નહીં હોય અને અમે આંખ બંધ કરીને અમારી ફૂલ જેવી દીકરી તમને સોંપી.અને તમે.......?તમે મને અને મારી દીકરીને આ દિવસ દેખાડ્યો?બે વર્ષ પહેલાં શ્રીને તમારા ઘરની વહુ બનાવવાના લીધેલાં મારા નિર્ણય પર આજે મને પસ્તાવો થાય છે કે કાશ! મેં શ્રીની ના ને માની લીધી હોત અને એને આગળ ભણવા દીધી હોત, તો કદાચ મારી દીકરી આજે મારાથી નફરત ન કરત."કહીને હરિવદનભાઈ રડી પડ્યા. "અરે ! પણ હરિવદનભાઈ, મારી વાત તો સાંભળો.......! તમારા દરેક આરોપો , તમારો ગુસ્સો મને માન્ય છે.પરંતુ મુરબ્બી જો મને મારા દીકરાના કરતૂતોની ખબર હોત તો હું પોતે જ એના લગ્ન શ્રી દીકરી તો શું કોઈ છોકરી સાથે ન કરાવત.આ અપરાધ મારાથી અજાણતાં થઈ ગયો છે. એ માટે હું તમારો અને શ્રી દીકરીનો અપરાધી છું.જેને માટે તમે મને જે સજા આપશો તે ભોગવવા હું તૈયાર છું."નગીનદાસભાઈને આટલું બોલતાં ગળે ડૂમો ભરાઈ આવ્યો." નગીનદાસભાઈ હું તમને શું સજા આપીશ?મારી દીકરીનું જીવન તો ભરજુવાનીમાં રોળાઈ ગયું.બસ એક મહેરબાની કરો.અમને અમારી દીકરી પાછી આપી દો.એને તમે ઈંડિયા પાછી મોકલી આપો.અમે અમારું ફોડી લઈશું.અમને કે અમારી શ્રીને તમારી મિલક્તમાંથી કંઈ નથી જોઈતું.દીકરીને પરદેશમાં જ પરણાવવાની લાલચે મને ક્યાંયનો ન રાખ્યો.અમને અમારી દીકરી પાછી આપી દો; એટલે હું મારી ભૂલોનું પ્રાયશ્ચિત કરી શકું." ફોન પર થતી વાતચીત સાંભળીને અંદરના રૂમમાંથી શ્રી બહાર આવી.એણે જોયું કે નગીનદાસભાઈ જે એના સસરા હતા તે ફોન પર કરગરી રહ્યાં હતાં અને ફોન પર એના પપ્પાની સજળ નયને માફી માંગી રહ્યાં હતાં.એ તરત જ પામી ગઈ કે સામે છેડે ઈંડિયાથી એના પપ્પાનો ફોન હતો.ફોન પરની આ વાતચીતનો સિલસિલો છેલ્લાં એક વર્ષથી ચાલી રહ્યો હતો.શ્રીએ તરતજ નગીનદાસભાઈના હાથમાંથી ફોનનું રીસીવર લઈ લીધું અને બોલી," પપ્પા, મેં તમને કેટલીવાર કહ્યું છે કે હું હવે ઈંડિયા પાછી નથી આવવાની.તમે આમ દર થોડાં દિવસે પપ્પાજીને ફોન કરીને હેરાન કરવાનું બંધ કરો.મારી સાથે જે કંઈ પણ થયું એમાં પપ્પાજીનો કોઈ જ વાંક નહોતો અને ન તો તમારો કોઈ વાંક હતો.મારા નસીબમાં જે હતું તે થયું.ઠીક છે તે વખતે હું તમારાથી ખૂબજ નારાજ થઈ હતી,અને તમારી સાથે વાત કરવા નહોતી માંગતી.પરંતુ હવે મેં પણ તમને માફ કરી દીધાં છે.તો પ્લીઝ પપ્પા; હવે આ એકનું એક રટણ કરવાનું બંધ કરો.અહીં પપ્પાજી અને મમ્મીજી મારું ખૂબજ ધ્યાન રાખે છે.જો હું ઈંડિયા પાછી આવી જઈશ તો એ બંને અહીં સાવ એકલા થઈ જશે.માટે હું એમને એકલા મૂકીને ઈંડિયા પાછી નથી આવવાની. એન્ડ ધેટ્સ ફાઈનલ." કહીને શ્રીએ રીસીવર મૂકી દીધું અને શ્રી ભૂતકાળમાં સરી ગઈ.કોલેજની ફાઈનલ યરની પરીક્ષામાં શ્રીએ ટોપ કર્યું હતું.એ હજી આગળ ભણવાનો વિચાર કરતી હતી ત્યાં તો અમેરિકાના મુરતિયાનું માંગુ એના માટે આવ્યું.શ્રીનાં પપ્પાને પહેલેથી જ વિદેશમાં વસવાની ખેવના હતી.એટલે તેઓ પોતાની દીકરી શ્રી માટે એવા જ કોઈ મુરતિયાની શોધમાં હતાં.જે વિદેશમાં ગ્રીન કાર્ડ ધરાવતો હોય.જેથી કરીને જો દીકરી ત્યાં હોય તો પોતે પણ કોઈ જુગાડ કરીને વિદેશમાં કાયમી વસવાટ કરી શકે.લગ્નની વાત થતાં જ શ્રીએ હરિવદનને રીતસર આજીજી કરીને કહ્યું," પણ પપ્પા મારે હજી આગળ ભણવું છે.મારે આટલી જલ્દી લગ્ન નથી કરવા.પ્લીઝ પપ્પા હજુ બે વર્ષ થોભી જાવ.પછી હું જ સામેથી તમને મારા માટે તમને ગમે એવો મુરતિયો શોધવા કહી દઈશ." શ્રી એ દિવસે ખૂબ કરગરી. પરંતુ હરિવદન એકના બે ન થયા.જે મુરતિયાની વાત આવી હતી તે ચંદ્રેશના પરિવારની ગણના શહેરના ઊંચા ખાનદાનમાં થતી હતી.માતા લતિકા સમાજસેવિકા હતાં.અને પિતા નગીનદાસ ભાઈનો બજારમાં કપડાંનો મોટો અને જાણીતો શો રૂમ હતો.ચંદ્રેશ અમેરિકા ભણવા ગયા પછી ત્યાંજ નોકરી શોધી અને હવે ત્યાંજ વસવાટ માટેના પ્રયત્ન કરી રહ્યો હતો.ચંદ્રેશની આટલી તપાસ પરથી જ હરિવદને શ્રીને ચંદ્રેશ સાથે ઘડિયા લગ્ન કરાવી અમેરિકા રવાના કરી દીધી.લગ્નના બે ત્રણ મહીના તો બધું ઠીક ઠાક ચાલ્યું.પરંતુ પછી ચંદ્રેશે પોતાનો રંગ દેખાડવાનું શરૂ કરી દીધું.શ્રીને તો આગળ ભણવું હતું. પરંતુ " અહી રહેનાર દરેકે પોતાનો ખર્ચો જાતેજ ઊપાડવો પડે,એટલે નોકરી તો કરવીજ પડે." કહીને શ્રીને પરાણે કોઈ સ્ટોરમાં નોકરી પર લગાડી દીધી.ત્યાં વેતન કલાકના હિસાબે મળે.એટલે શ્રીએ વિચાર્યું કે ઠીક છે દિવસના બેત્રણ કલાક કામ કરીને બાકીના સમયમાં ભણશે.પરંતુ ચંદ્રેશ શ્રીને ફરજીયાત દસ થી બાર કલાક કામ કરવા કહેતો અને જે પગાર મળે તે પોતે રાખી લેતો.સામે પતિ તરીકે બજાવવાની ફરજને નામે શૂન્ય.ચંદ્રેશ ક્યાં કામ કરે છે,કેટલા પૈસા કમાય છે જેવી બધીજ બાબતોથી શ્રી અજાણ હતી અને બીજી બાજુ શ્રીના પપ્પા હરિવદન ઈંડિયાથી ફોન કરી કરીને શ્રીને પોતાને અમેરિકા બોલાવવા સતત દબાણ કરી રહ્યાં હતાં.

એમાં એક દિવસ અચાનક શ્રીની તબિયત બગડી,એટલે કામ પરથી રજા લઈ ઘરે આવી.ઘરનો દરવાજો ખોલી અંદર આવી તો અંદરનું દ્રશ્ય જોઈ શ્રીની આંખો પહોળી થઈ ગઈ.પોતાના બેડરૂમમાં ચંદ્રેશ કોઈ ગોરા છોકરા સાથે..........!આમ અચાનક શ્રીને જોઈને ચંદ્રેશ પણ ડઘાઈ ગયો.આખરે ચંદ્રેશે કબૂલ કર્યું કે "એ સમલૈંગિક છે અને આ એનો મિત્ર ફેલેક્સ પણ સમલૈંગિક છે.અમે એકબીજા વગર રહી શકીએ એમ નથી.માત્ર પપ્પાના દબાણને વશ થઈને મેં તારી સાથે લગ્ન કર્યા હતા.આઇ એમ સોરી." આ સાંભળીને શ્રી હતપ્રભ થઈ ગઈ.ચંદ્રેશને શું કહેવું, કંઈ સમજાયું નહી.એ ત્યાંજ જમીન પર ફસડાઈ ગઈ અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી અને બોલી," તો પછી મને આ બંધનમાંથી મુક્ત કરો. મને મારા કમાયેલા પૈસા પાછા આપો. હું ઈંડિયા પાછી જતી રહીશ." એટલે ચંદ્રેશે કહ્યું,"સોરી એ બધાં પૈસામાંથી મેં એક ઘર ખરીદ્યું છે જ્યાં હું અને ફેલેક્સ રહેવાના છીએ.તારે રહેવું હોય તો અહીં આ ઘરમાં રહી શકે છે." કહીને ચંદ્રેશ ફેલેક્સને લઈને કાયમ માટે જતો રહ્યો.શ્રીએ નગીનદાસભાઈને બધી વાત કરી.એ લતિકાબેન સાથે તાબડતોબ અમેરિકા પ્હોંચ્યા.ત્યાં જઈ લતિકાબેન અને નગીનદાસભાઈએ ચંદ્રેશને ખૂબ સમજાવ્યો.પરંતુ એ ન સમજ્યો અને નગીનદાસ શ્રીની માફી માંગતા રડી પડ્યા અને બોલ્યા,"મને માફ કરજે દીકરી મને ચંદ્રેશની આ સ્થિતિનો સ્હેજ પણ અણસાર નહોતો.નહીંતર હું એના લગ્ન જ ન કરાવત.પણ તું ચિંતા ન કર.આજથી તું અમારી દીકરી.તને જેટલું ભણવું હશે એટલું હું તને ભણાવીશ. આજથી તારી બધી જવાબદારી અમારી."કહીને સજળ નયને એમણે અને લતિકા બહેને શ્રીના માથે હાથ મૂકી દીધો.આ બાજુ હરિવદનને પોતાના આવા સ્વાર્થી અને ઉતાવળીયા નિર્ણય માટે પસ્તાવો થયો."કાશ.......! એકવાર શ્રીની વાત માની લીધી હોત,તો આજે મારી દીકરીની આવી હાલત ન થાત." હરિવદને શ્રીને પાછી આવવા ઘણી સમજાવી. પરંતુ હવે એ નગીનદાસભાઈ અને લતિકાબેનને એકલા મૂકીને પાછી આવવા તૈયાર નહોતી.કારણ ચંદ્રેશના ગયાં પછી એ બંને જણ રીતસરના ભાંગી ગયા હતાં."શ્રી બેટા એક કપ ચ્હા મળશે?" નગીનદાસભાઈએ શ્રીને કહ્યું અને શ્રીની વિચાર શ્રુંખલા તૂટી. "હં અ, હા પપ્પાજી,હમણાંજ લાવી." કહીને શ્રી રસોડામાં ગઈ.
મિત્રો,અતિ લોભ એ પાપનું મૂળ છે.અને ઉતાવળે આંબા ન પાકે.ઈચ્છાઓ અને આકાંક્ષાઓને કાબૂમાં રાખવાથી ઘણી મુસીબતો આપોઆપજ ટળી જતી હોય છે.

આરતી મર્ચંટ.,મુંબઈ : કાંદીવલી.

### NOG SS No. 0076

વિષય :- વિદેશની વાટે
પ્રકાર :- ગદ્ય
શીર્ષક :- જવાબદારી...

"પપ્પા મારે હવે આગળ નથી ભણવું, હું ફુવા સાથે જ વિદેશ સેટ થવા માંગુ છું, આમ પણ ફુવા ફોઈને લેવા આવે જ છે, હું આજે જ એમને ફોન કરીને કહી દઈશ કે મને પણ સાથે લેતા જાય. "

દર્શિતનાં શબ્દો સાંભળીને વિશાલભાઈ દિગ્મૂઢ થઇ ગયા, હા કે ના નો કોઈ જવાબ જ ન આપી શક્યા, નાનપણથી દર્શિત માટે જે સપનાઓ જોયા હતાં એ બધાં હવે પાયાવિહોણા બની ગયા, કારણ દર્શિત જાણે ખૂબ મોટો થઈ ગયો હતો, પોતાના નિર્ણય જાતે લેવા મંડ્યો, જાણે પોતાના બાપની એને કાંઈ જરૂર જ ન હોય.

વિશાલભાઈ વિચારવા લાગ્યા કે પોતાની ભૂલ ક્યાં થઈ દર્શિતનાં ઉછેરમાં? પહેલેથી અંગ્રેજી માધ્યમમાં ભણાવ્યો એ ભૂલ? એની દરેક માંગણી પૂરી કરી એ ભૂલ? હજી દર્શિતની ઉંમર જ શું છે? હજી તો માંડ ૧૮ વર્ષનો થયો, હજી તો માંડ ૧૨ પાસ કર્યું છે, હજી તો આગળ ભણવાની ઉંમર છે, અને અહીં શું વાંધો છે? પોતે એવા ય ગરીબ તો નથી કે પોતાના દીકરાને સારું ભવિષ્ય આપી ન શકે, રાજકોટમાં જ્ઞાતિમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે પોતે, એક વૈભવી જીવન તો આજ સુધી આપ્યું જ છે.

વળી આટલી નાની ઉંમરે દીકરાને એકલો વિદેશ મોકલતા જીવ પણ નથી ચાલતો. અને પાછો અહીંનો પોતાનો બિઝનેસ પણ ખૂબ વ્યવસ્થિત જામેલો છે, પોતાના મમ્મી પપ્પાને પણ એમની ઢળતી ઉંમરે એકલા કેવી રીતે મુકવા? અનેક સવાલો ઉઠી રહ્યાં હતાં વિશાલભાઈના મનમાં.

ઘણું સમજાવવાની કોશિશ કરી પણ વ્યર્થ, અંતે દર્શિતના દાદા -દાદીએ અને વિશાલભાઈએ દર્શિતની જીદ સામે નમતું મૂક્યું અને દર્શિતને તેના ફુવા સાથે વિદેશ મોકલવા તૈયાર થયાં, અને થોડાં સમય બાદ પોતે પણ ત્યાં દર્શિતને સાથ આપવા જશે એમ નક્કી થયું, દર્શિત તો રાજી જ હતો આ વાતથી.

દર્શિતના ગયા પછી, અહીંનો પોતાનો ધિકતો ધંધો પોતાના નાના ભાઈને સોંપ્યો અને માતાપિતાની જવાબદારી પણ નાના ભાઈને સોંપીને અહીંનું બધું કામ સમેટીને બસ પુત્રનું ભવિષ્ય બનાવવા માટે વિશાલભાઈએ વિદેશની વાટ પકડી. જો મા-બાપને સાચવવાની જવાબદારી તેમની હતી તો પુત્રના સપનાં પૂરા કરવાની જવાબદારી પણ તેમની જ હતી ને...! આજે એક દીકરાને એક જવાબદારીમાંથી પીછેહઠ કરવી પડી અને એક પિતાને પોતાની જવાબદારી નિભાવવા વતન છોડીને વિદેશની વાટે જવુ પડ્યું.

પારૂલ ઠક્કર "યાદ",ભાવનગર

---

### NoG SS No: 0007

વિભાગ..ગદ્ય
વિષય..વતનની વાટે
શીર્ષક..ઘર તરફ...

જ્યાં દિલથી દિલનો સબંધ હોય છે,
જ્યાં એકબીજમાટે માન સન્માન હોય છે,એની ખબર અશોકભાઈને ત્યારે પડી જ્યારે એમની પત્નીને નાની ઉંમરમાં આઠ ઓપરેશન કરાવ્યાં.
ત્યારે અશોકભાઈ શિવાય કોઈજ એમના પડખે નહોતું.એમની પત્ની સિરિયસ થઈ ગયા,અશોકભાઈ રડવા લાગ્યા ,આજે પૈસા કમાવાની લાહ્યમાં વિદેશ તો આવી ગયાં પણ પોતાનું કહેવાય એવા બધાં તો ત્યાં છે ,જે આવા સમયે મારી પડખે હોય એમને નિર્ણય લીધો કે હવે એમની પત્ની સારી થતાંજ એ ભારત પાછા આવી જશેને આજે આ બધું જ છોડી ભારત પોતાના પરિવાર પાસે આવી ગયાં, પૈસા કરતા પણ વધારે મૂલ્યવાન હોય છે પોતાનાઓ સાથેના સબંધ
અને મુશ્કેલીમાં મળતી સહાય એ મારા ભારતમાં જ મળે....

નયના પટેલ..નૈન.

### NOG SS No : 101

( પરિચય : નવા મહેમાન મેમ્બર..વસંત ના વધામણા માં તેમણે તેમનો વિડિયો મોકલ્યો હતો)
પ્રકાર : ગદ્ય
શિર્ષક : વિદેશ ની વાટે,વતન ની વાટે

પ્રદીપભાઈ,
વિદેશની વાટે સંબંધિત મારી વાત ટૂંકા ફકરાઓ દ્વારા હકીકત ને મર્મસ્પર્શી રીતે રજૂ કરવાની કોશિશ કરી છે.
મુખ્ય ધ્વનિ છોકરાઓ પરદેશ ગયા પછી વતનને ભૂલી જાય છે ને માતા પિતાની ઉપેક્ષા કરે છે આ મહત્તમ કુટુંબોમાં બને છે .
આના માટે જવાબદાર તે દેશો કે તેની સંસ્કૃતિ નથી જ. તમારા સંતાનોને ત્યાં કમાવા જવાની અને તમને ત્યાં સંતાનોની મોકલવાની ઈચ્છા જ જવાબદાર છે .
તેમાં મારો દીકરો કે દીકરી વિદેશમાં રહે છે કે ભણવા ગયો હતો તે લોકોને કેહવાપણું મોટાભા કે દંભીપણા બધું હોઈ છે.
કોઈપણ પરદેશ મફતમાં કશું આપી શકતો નથી ડોલર લઈને દીકરા દીકરી આપવાની તૈયારી રાખવી જ પડે.
અમારો એક મિત્ર આખાબોલો હતો. મોર્નીંગ વોક પછી એક બાંકડે અમે મિત્રો રોજ બેસીને ગપાટા મારીએ. એક દિવસ અમે બેઠાં હતાં ત્યાં એક તાજેતરમાં નિવૃત્ત થયેલા અને આમ પ્રતિષ્ઠિત બેક કર્મી પસાર થયા. તો આ ભાઇએ એમના હુલામણા નામે બોલાવતા તેઓ ઉભા રહ્યા.... તેઓ એ ઉત્સાહ થી કહ્યું ,"અમે બંને આવતા રવિવારે અમેરિકા જશું. દીકરાએ ફરવા બોલાવ્યા છે" અમારા મિત્રે સીધો સવાલ કર્યો કે તમારા દીકરાની વહુને સુવાવડ આવવાની છે?
જવાબ હા માં આવ્યો ! એટલે કહ્યું કે અમેરિકામાં કામવાળા મળતાં નથી અને મળે તો અતિશય મોંઘા હોય એ પોષાય નહીં એટલે તમને બન્ને ને અમેરિકા બોલાવતા હશે. પેલા ભાઈ તો સ્તબ્ધ થઈ ગયા.
આ સ્થિતિ જોઈ અમેરિકામાં સ્થિત થયેલાઓનાં બાળકોને સામાન્ય રીતે ઉભરાતો માતૃ પિતૃ પ્રેમ ઉભરાતો નથી તેમને ભારતની અશિસ્ત ભરેલી દંભી વર્તણુંક ગમતી નથી તેથી તેઓ અહીં આવવું પસંદ કરતાં નથી. આમ મૂળથી તેઓ વિખુટા પડતા જાય છે.
શરૂઆતમાં ભણવાના અને/ અથવા ત્યાં પૈસા કમાવા લોકો જતાં હવે સમૃદ્ધ વર્ગ છેલ્લા ૫ -૬ વરસમાં જે વાતાવરણ સર્જાયું છે તેનાથી દૂર થવા અને પોતાના છોકરાઓને સારું શિક્ષણ, કેળવણી, મળે અને તેથી કુટુંબ સાથે કાયમી સ્થળાંતર કરે છે.
મૂળ તો વિદેશની જીવન શૈલીનાં આકર્ષણ પાછળ અહીંની સમાજ વ્યવસ્થા અને દંભ જૂઠથી વ્યથિત યુવા પરદેશી ભોમકા પર આંખ માંડે છે.

ભરતભાઈ સાંઘાણી..મુંબઈ

### NOG SS NO : 0098

प्रकार:- गध्
विषय:- वतन की राह, विदेश की राह
शीर्षक:- मलाल

आज के युवाओं का दायरा के व्यक्ति हितों तक ही सीमित रह गया है। आज के इस विकासोन्मुख युग में अशांति ने अपना साम्राज्य हर क्षेत्र में फैला लिया है। आधुनिक जीवन शैली को अपनाने में युवा शक्ति किंकर्तव्यविमूढ़ की स्थिति में खड़ी भ्रमित और उद्वेलित है।
जो श्रम से दूर भागती है, थोड़े में अधिक चाहती है।
ये मिश्रा जी हैं , जो अपने अनुभव को बांट रहे हैं।
मैंने अपने बच्चों को कोनवेंट में पढ़ाया। उच्च शिक्षा के लिए बच्चों की इच्छा के खातिर विदेश भेजा। बच्चों ने पढ़ाई पूरी की, और वही के होकर रह गए। बच्चों की माँ इंतजार करते करते परलोक सिधार गई।बच्चों की पढ़ाई के चक्कर में मैंने रिश्तेदार , समाज व अपनों को खो दिया। आज मैं अपने आपको ठगा सा पाता हूँ।

लीना शर्मा ।

# નર્મદા જિલ્લાના વિવિધ ૭ જેટલાં કેન્દ્રો ખાતે ૩૦૦ જેટલાં લોકોએ કો-વેક્સીનની રસીનો લીધો લાભ



રાજપીપલા,તા ૨૩

વૈશ્વિક કોરોના મહામારીની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કોરોના સંક્રમણને અટકાવવા માટે કોવિડ-૧૯ વેક્સીનની રસી જ એક અમોધ શસ્ત્ર છે. જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના નેતૃત્વ હેઠળ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા રાજપીપલાના અર્બન હેલ્થ સેન્ટર તેમજ જિલ્લાના લાછરસ, વજેરીયા, જેતપુર, સોલીયા, સેજપુર અને કોલવાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૪૫ થી વધુની વયના તમામ લોકોને કો-વેક્સીનની રસી આપવાની કામગીરી ચાલી રહી છે. ૩૦૦ જેટલાં લોકોએ કોરોના વેક્સીનેશનો લાભ લીધો હતો.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.વિપુલ ગામિતે જણાવ્યું હતું કે, હાલમાં ૪૫ થી વધુની વયના તમામ લોકોને જિલ્લાના જુદા જુદા ૭ જેટલાં કેન્દ્રો ખાતે કોવિડ-૧૯ ની કો-વેક્સીનની રસી આપવાની કામગીરી ચાલી રહી છે. સરકારની સુચના અન્વયે કોવિડ-૧૯ વેક્સીનેશનના બીજા ડોઝને પ્રાયોરિટી આપવામાં આવી છે.

ડૉ. ગામીતે વધુમાં ઉમેર્યું હતું કે, ૪૫ થી વધુની વયના જે લોકોએ કો-વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો છે તેવા લોકોએ પણ નિયત કરાયેલ સમયમાં બીજો ડોઝ લેવો ખુજ જ હિતાવહ છે. કોવિડ-૧૯ ની રસીને કારણે જ આપણે સહું કોવિડ-૧૯ સામે વિજય મેળવી રહ્યાં છીએ અને વેક્સીન થકી જ મૃત્યુનું પ્રમાણ પણ ઘટાડી શક્યા છીએ. કોરનાથી સંક્રમિત થયા હોઇ તો પણ ઝડપથી સાજા થઇ શકીએ છીએ તેથી ગભરાયા વગર વેક્સીન લેવી ખૂબજ હિતાવહ છે. વેક્સીનથી સુરક્ષિત રહી શકીએ છીએ તેમજ ૪૫ થી વધુની તમામ વ્યક્તિઓને વેક્સીન લેવા શ્રી ડૉ.વિપુલ ગામિત તરફથી જિલ્લાના પ્રજાજનોને અપીલ કરાઇ છે.

લાછરસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ ની રસીનો બીજો ડોઝ લેતાં અશ્વિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, નોવેલ કોરોના સામે રક્ષણ મેળવવાં કોરોનાની વેક્સીન લેવી ખૂબ જ જરૂરી છે. કોરોનાની રસી લેવાથી કોઇપણ પ્રકારની તકલીફ થતી નથી

લાછરસ ગામના રહીશ શ્રીમતી શીતાબેન તડવીએ કહ્યું કે, કોવિડ-૧૯ વેક્સીનનો આજે મે બીજો ડોઝ લીધો છે મને કોઇપણ પ્રકારની તકલીફ નથી તેમજ કોવિડની રસીથી આડઅસર પણ થઇ નથી. કોરોનાની વેક્સીન ૪૫ થી વધુની વયના તમામ લોકોએ લેવી જોઇએ.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## મ્યુકરમાઈકોસીસ રોગીઓની સારવાર માટે અલગ વોર્ડ તથા પૂરતા પ્રમાણમાં ઈન્જેક્શન મળી રહે તેની પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે-:મુખ્યમંત્રી શ્રી

# ઝાખર ખાતે નાયરા એનર્જી દ્વારા નિર્મિત ૧૦૦ બેડના કોવિડ કેર સેન્ટરનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ઇ-લોકાર્પણ કરાયું




મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી એ નાયરા એનર્જી દ્વારા શરૂ કરવામાં આવેલા કોવિડ કેર સેન્ટર નું ગાંધીનગર થી વીડિયો કોન્ફરન્સ દ્વારા ઈ લોકાર્પણ કર્યું હતું.

નાયરા ગ્રુપને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ઝાખરમાં ૧૦૦ બેડનું અત્યાધુનિક કોવિડ કેર સેન્ટર ઊભુ કરી નાયરા ગૃપે આવા કપરા સમયે પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે.

કોરોનાના કપરા કાળમાં લોકોને ઘર આંગણે જ ઝડપી સારવાર મળી રહે તેની કાળજી લીધી છે. ગુજરાતમાં કોરોનાની બીજી લહેરમાં કેસો ઘટતા જાય છે પરંતુ વેક્સિનેશન પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સૌએ સાવચેત રહેવાનું છે. નિષ્ણાંતો કોરોનાની ત્રીજી લહેરની શક્યતાઓ પણ વ્યક્ત કરી રહ્યા છે ત્યારે એ સંભાવનાઓને ધ્યાને લઈને સરકાર દ્વારા પૂર્ણ તૈયારીઓ સાથે તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર PSA પ્લાન્ટ થકી હોસ્પિટલોમાં મેડિકલ ઓક્સિજનનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરી રહી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રી એ આપી હતી.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે PSA પ્લાન્ટ થકી લિક્વિડ ઓક્સિજન પર નિર્ભર રહ્યા વગર સીધો હવામાંથી જ સકસન પ્રક્રિયા વડે મેડિકલ ઓક્સિજન બનાવી શકાય છે. આનાથી ૩૦૦ ટન જેટલી ઓક્સિજન ક્ષમતા વધશે તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય સરકારે રાજ્યમાં આવા ૩૬ પ્લાન્ટ સ્થાપવાના શરૂ કર્યા છે.નાયરા એનર્જી દ્વારા આવા બે પ્લાન્ટ જામનગર તથા દ્વારકા ખાતે જનસેવામાં સમર્પિત થતાં સ્થાનિક આરોગ્ય તંત્ર કોરોનાની બીજી લહેર સામે વધુ સક્ષમ અને સંભવિત ત્રીજી લહેર સામે સજ્જ બન્યું છે. હાલ મ્યુકરમાઈકોસીસનો આપણે સામનો કરી રહ્યા છીએ ત્યારે આ રોગની સારવાર માટે દર્દીઓ માટે અલગ વોર્ડ તથા પૂરતા પ્રમાણમાં ઈન્જેકશન દવાઓ મળી રહે તેની પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીએ તાઉ-તે વાવાઝોડા ના સંદર્ભ માં કહ્યું કે આ વાવાઝોડા ને કારણે નુકશાન પામેલ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી પરિસ્થતિ પૂર્વવત્ કરવાની તેમજ નુકસાની ના સર્વે ની કામગીરી શરૂ કરી ઝડપથી સ્થિતિ થાળે પડે એ દિશામાં સરકાર સતત પ્રયત્નશીલ છે.

મારુ ગામ કોરોના મુક્ત ગામ અભિયાનને લઇને જામનગર જિલ્લામાં સુંદર કામગીરી ચાલી રહી છે ત્યારે લોકો પણ સતત જાગૃત રહે અને તમામ ગામો કોરોના મુક્ત બને તેવી તકેદારી રાખવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુએ જામનગર જિલ્લાની જનતા વતી નાયરા ગ્રુપને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે કોવિડ મહામારીના સમયમાં માનવતાની વ્હારે આવવા માટે નાયરા એનર્જી આગળ આવી છે તે અભિનંદનીય બાબત છે. જામનગરની જનતાને આ મહામારીના સમયમાં નાયરા ગ્રુપ દ્વારા કોવિડ કેર સેન્ટર શરૂ કરવાથી ઘર આંગણે જ શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ થશે.

મારું ગામ કોરોના મુક્ત ગામના જન અભિયાનમાં આ કોવિડ કેર સેન્ટર આ જિલ્લા માટે આરોગ્ય સેવા નું માધ્યમ બનશે એમ પણ તેમણે ઉમેર્યું હતું.નાયરા ગ્રુપ માનવજાત જ્યારે મુશ્કેલીમાં હતી ત્યારે મદદરૂપ થવા આગળ આવ્યું છે ત્યારે આવનારા સમયમાં નાયરા ગૃપ ચોક્કસ પોતાનું નામ વધુ રોશન કરશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

સાંસદ શ્રીમતી પૂનમ બહેન માડમે આ વિસ્તાર માં નાયરા એનર્જીએ તાત્કાલિક મેડિકલ-પેરામેડિકલ સ્ટાફ સહિતની તમામ સુવિધાઓ સાથેની કોવિડ હોસ્પિટલ જનસેવામાં સમર્પિત કરી એ બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રીમતી પૂનમ બહેને જણાવ્યું હતું કે, દર્દીઓને કોવિડ કેર અન્વયે તમામ સુવિધાઓ મળી રહે તે પ્રકારની નાનામાં નાની વ્યવસ્થા અહી ઊભી કરી નાયરા ગૃપે આ મહામારીના સમયમાં લોકોની ચિંતા કરી છે. એક પરિવારની જેમ નાયરા ગ્રુપ આપણી સાથે મજબૂતીથી ઊભું છે ત્યારે આવનારા સમયમાં નાયરા ગ્રુપ આપણાં વિસ્તારનું મજબૂત અંગ બની જશે તેમ પણ સાંસદશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઇ મુંગરા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમશી ભાઈ ચનિયારા, નાયરા ગ્રુપના સી.ઈ.ઓ. શ્રી એલ્યોસ, રિફાઈનરી ડાયરેક્ટર શ્રી પ્રસાદ પાનીકર, અગ્રણી શ્રી લગધિર સિંહ જાડેજા, શ્રીપ્રવિણસિંહ જાડેજા, શ્રીદિલીપભાઈ ભોજાણી, શ્રી પી.આર.જાડેજા સહિત પદાધિકારીઓ, અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જો જીવનને બચાવવુ હશે તો પ્રદૂષણ રૂપી કાળી ચાદર ને દુર કરી

# વૃક્ષારોપણ થકી લીલી ચાદર આ ધરતી પર પાથરવી પડશે:કેસર દેસાઈ

આકોલી કાંકરેજ બનાસકાંઠા વાળાએ એક સરસ વાત કરી....

ભારતની સાથે સાથે વિશ્વમાં પણ પ્રદૂષણનો પ્રશ્ન વિકરાળ ગંભીર રૂપ ધારણ કરી રહ્યો છે. પાછલા થોડા વર્ષોથી દેશમાં પ્રદૂષણના કારણે વાતાવરણ વધારે ને વધારે ઝેરી બની રહ્યું છે અને અંતે લોકો એ કોઇ મોટી આપત્તિ ના રૂપમાં તેનું પરિણામ ભોગવવું પડે છે પર્યાવરણને લગતા આંતરરાષ્ટ્રીય અહેવાલોથી ખબર પડે છે કે ભારતના અનેક શહેર ની ગણના દુનિયાના સૌથી વધારે પ્રદૂષિત શહેરોમાં થાય છે..ત્યાં જેરી ધુમાડાથી યુક્ત વાતાવરણ જોવા મળે છે આથી ત્યાં શ્વાસ લેવાનો પણ મુશ્કેલ બની જાય છે.. ઉદ્યોગોમાંથી નીકળતા ધુમાડા અને વાહનોની સંખ્યાના કારણે વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. પ્રદુષિત વાતાવરણને ઘટાડવા માટે લોકોએ પોતાના ખાનગી વાહનોનો ઉપયોગ મર્યાદિત કરી સાર્વજનિક પરિવહન નો ઉપયોગ કરવો જોઈએ. પેટ્રોલ ડીઝલથી ચાલતા વાહનો ની જગ્યાએ ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ કરવો જોઈએ. અને મુખ્ય અને અહમ વાત વધુમાં વધુ વૃક્ષો તથા વનસ્પતી ઉછેરવા જોઈએ. વાસ્તવમાં હરિયાળી માં વધારો થવાના બદલે તેનો વિનાશ વધારે થઈ રહ્યો છે. તેના સંરક્ષણ માટે કરવામાં આવેલા મોટા મોટા દાવા આજે અર્થ વિહોણા લાગી રહ્યા છે. વૃક્ષ વનસ્પતિ નુ પ્રમાણ ઘટી જવાના કારણે પર્યાવરણનું સંતુલન ડગી ગયું છે. એના જ કારણે એના જ પરિણામે અવારનવાર મનુષ્ય ની સાથે સાથે પશુ પંખી અને પ્રાણીઓ ને પ્રકૃતિના પ્રકોપનું ભોગ બનવું પડે છે. મોટા મોટા એક્સપ્રેસવે બનાવવાના નામે લાખો વૃક્ષોનું પતન કરવામાં આવે છે. તે વાત સચોટ છે તે દેશના ગતિશીલ વિકાસ માટે પહોળા એક્સપ્રેસ વે બનાવવા જરૂરી છે પરંતુ વિકાસના નામે આખા દેશમાં વૃક્ષોનો વિનાશ થવાના કારણે પર્યાવરણનું સંતુલન બગડી રહ્યું છે તેને સુધારવા પણ સરકારે કોઈ સચોટ પગલાં લેવા જરૂરી છે. અહી એ વાત પણ ખરી ઉતરે છે કે જગત ના તાત ના નામે ઓળખાતો ખેડૂત પણ વૃક્ષ અને વનસ્પતિથી હરી ભરી પોતાના ખેતરની સરક્ષણ વાડ તોડી બનાવેલ તાર ની વાડ ના લીધે સરેઆમ વૃક્ષો નું પતન થયું. જો પરિસ્થિતિ આવી જ રહી તો પ્રાણીઓની સાથે સાથે માનવનું જીવન પણ મુશ્કેલીમાં મુકાઈ જશે.જેમ જેમ હર્યાભર્યા જંગલો નું પતન થશે તેમ તેમ રાષ્ટ્રમાં પુર દુકાળ પ્રદૂષણ વગેરે બાબતોનું પ્રમાણ પણ વધતું જશે. વૃક્ષો વાયુને શુદ્ધ કરવાની સાથે સાથે આપણે આધ્યાત્મિક શાંતિ આપે છે.હજારો ગુણોથી ભરેલ આ ઝાડ વૃક્ષ વનસ્પતિ માણસને કેટલી એ બીમારીઓથી મુક્ત કરે છે. વૃક્ષો તથા બીજી અન્ય નાની નાની વનસ્પતિ પાણીને જમીનમાં રોકી રાખી પુર ના જોખમને અટકાવે છે. અને જમીનની અંદર એ રોકાયેલું પાણી અનેક રીતે માનવ જીવનને ઉપયોગી થાય છે. વૃક્ષોના મહિમાનો વિગતે વાત કરીએ તો શબ્દો ભંડોળનો કોઈ અંત નથી અને આ વાતથી માનવજીવન પણ અજાણ નથી. તો આવો સૌ સાથે મળીને સંકલ્પ કરીએ આ ધરતીને લીલી ચાદર પહેરાવીએ...

રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)

## સંતોષકારક રાહત પેકેજ જાહેર નહીં થાય તો ઉગ્ર આંદોલનની પ્રવિણ રામની ચીમકી

# વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારો માટે વિશેષ પેકેજની આંદોલનકારી પ્રવિણ રામ અને પરેશ ગોસ્વામી એ કરી માંગ

તાઉતે વાવાઝોડાના કારણે ગીર સોમનાથ,અમરેલી, ભાવનગર,જૂનાગઢ,બોટાદ,રાજકોટ,મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર,ક ચ્છ,મહેસાણા, સાબરકાંઠા,બનાસકાંઠા,અરવલ્લી, બરોડા,આણંદ,ખેડા,વલસાડ,વાપી, રાજપીપળા,સુરત,ભરૂચ અને બીજા અન્ય જિલ્લાઓમાં નુકશાની જોવા મળી છે,અમુક વિસ્તારોમાં ૧૦૦ % નુકશાની છે તો અમુક વિસ્તારોમાં ૬૦%,૪૦% અને ૨૦ % જેટલી નુકશાની છે. ગીર સોમનાથ,અમરેલી અને ભાવનગર જિલ્લાના અમુક ભાગોમાં ૬૦% થી લઈને ૧૦૦% જેટલી નુકશાની થઈ છે જ્યારે દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં ૪૦% થી ૬૦% જેટલી નુકશાની જોવા મળી રહી છે અને બાકીના વિસ્તારોમાં ૦% થી લઈને ૪૦% સુધીની નુકશાની જોવા મળી છે ,આમની અંદર પણ બાગાયતી પાકો ધરાવતા ખેડૂતોને તો ખૂબ મોટી નુકશાની છે કારણકે જે ખેડૂતોને આંબા,નારિયેળી ,દાડમ અને અન્ય બાગાયતી પાકના બગીચાઓ સંપૂર્ણપણે નાશ પામ્યા છે એમને ફરીથી બાગાયતી પાકનું નિર્માણ કરી અને આવક ઊભી કરવા માટે ૫ થી ૭ વર્ષનો સમય લાગી જશે અને એટલા માટે સરકાર દ્વારા બાગાયતી પાક માટે વધારે સહાય આપવાની જરૂરિયાત જણાય રહી છે, બાગાયતી પાક વાળા ખેડૂતો કે જેમના તમામ ઝાડ પડી ગયા છે અને જેમને ૧૦૦% નુકશાન થયું છે એવા ખેડૂતોમાં હેકટર દીઠ ૬ લાખ રૂપિયાની સરકારે સહાય આપવી જોઈએ કારણકે આવા ખેડૂતોને ૫ થી ૭ વર્ષ માટેની નુકશાની છે અને જેમને બાગાયતમાં તમામ ઝાડ પડ્યા નથી અથવા આ વર્ષ પૂરતું જ નુકશાન છે એવા કિસ્સામાં સરકારે ખરાઈ કરી એમની નુકશાનીની ટકાવારી નક્કી કરી એ મુજબની સહાય ચૂકવવી જોઈએ જેથી કરીને આવા બાગાયતી પાક વાળા ખેડૂતોને રાહત મળી શકે તેમજ જે ખેડૂતોને ઉનાળુ પાક સદંતર નાશ પામ્યો હોઇ એવા ખેડૂતોને હેકટર દીઠ ૭૨ હજાર રૂપિયાની સહાય ચૂકવવી જોઈએ અને જે ખેડૂતોને ઉનાળુ પાકમાં ઓછું નુકશાન થયું હોઇ એવા કિસ્સાની અંદર નુકશાનીની ટકાવારીની ખરાઈ કરી એ મુજબની સહાય ચૂકવવી જોઈએ , સરકાર દ્વારા ઉપર દર્શાવેલ મુજબની સહાય ચૂકવવામાં આવે તો જ ખેડૂતોને મોટી રાહત મળી શકે એમ છે અન્યથા અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતો અને સામાન્ય જનતાની પરિસ્થિતિ ખૂબ જ દયનીય બની જશે ,અને સાથે સાથે જે લોકોના મકાન ધરાશાયી થયા છે અથવા અન્ય કોઈ નુકશાની થઈ છે એવા કિસ્સામાં પણ ખરાઈ કરી સરકારે વહેલી તકે નુકશાનીનું વળતર ચૂકવવું જોઈએ,આમ ઉપર મુજબની તમામ માંગણીઓ જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ અને સફળ આંદોલનકારી પ્રવીણભાઇ રામ અને જન અધિકાર મંચના કિસાન સમિતિના રાજ્ય કન્વીનર પરેશ ગોસ્વામી દ્વારા લેખિતમાં સરકાર સામે રાખવામાં આવી છે. વધુમાં સફળ આંદોલનકારી પ્રવિણ રામ દ્વારા ચીમકી પણ ઉચ્ચારવામાં આવી કે જો આવનારા સમયમાં અસરગ્રસ્ત વિસ્તારના લોકો અને ખેડૂતો માટે તાત્કાલિક ધોરણે સંતોષકારક રાહત પેકેજની જાહેરાત કરવામાં નહિ આવે તો અસરગ્રસ્ત વિસ્તારના તમામ લોકો અને ખેડૂતોના હિત માટે ગાંધીચીધ્યા માર્ગે ઉગ્ર આંદોલનનું રણશિંગુ ફૂકિશું



શ્રી મુકેશભાઈ કે. પટેલ
પ્રમુખ
ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટી



શ્રી રણવીર સિંહ રાઠોડ
મહામંત્રી
ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટી


ઓલ ઇન્ડિયા આમ આદમી પાર્ટીના સંયોજક શ્રી અરવિંદ કેજરીવાલજીની સૂચનાથી ગુજરાત રાજ્ય આમ આદમી પાર્ટીના પ્રભારી શ્રી તથા ધારાસભ્ય શ્રી ગુલાબશ્રી યાદવ તેમજ સહ પ્રભારી શ્રી રાજેશ કુમાર શર્મા, જોન પ્રભારી શ્રી શિવકુમાર ઉપાધ્યાયના સહકારથી ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટીના પ્રમુખશ્રી ગોપાલ ઇટાલીયા તથા સંગઠન મંત્રી શ્રી હસમુખભાઈ પટેલ દ્વારા ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ તરીકે શ્રી મુકેશભાઈ કે. પટેલ તથા જીલ્લા મહામંત્રી તરીકે રણવીર સિંહ રાઠોડ (અલુવા) ની નિમણૂંક કરવામાં આવેલ છે.શ્રી મુકેશભાઈ પટેલ કે જેઓ ગાંધીનગર જિલ્લા ઉમિયા પરિવાર ( ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન પ્રેરીત)ના કન્વીનર તેમજ ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગરના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહયા છે. તથા કેપિટલ ક્રિએટિવ ક્લબના પ્રમુખ તરીકે સેવા આપે અને ધાર્મિક, શૈક્ષણીક અને આરોગ્યલક્ષી જેવા સેવાકીય કાર્યો કરે છે. ગાંધીનગર શહેર - જીલ્લાના કોંગ્રેસના પ્રમુખ તરીકે સેવા આપી છે. શ્રી મુકેશ પટેલ પ્રજાના પ્રાણ પ્રશ્નો ઉકેલવા માટે મોટી સંખ્યામા સમર્થકો સાથે આપમાં જોડાયા હતા.રણવીર સિંહ રાઠોડ કે જેઓ સર્વ સમાજના સ્વિકૃત એવા ગાંધીનગર જિલ્લાના યુવા આગેવાન છે

## સર્વ સમાજના યુવાનોએ રક્તદાન કરી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

# ચોડુંગરી ખાતે બનાસકાંઠા COVID-19 સેવા ટીમ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વર્તમાન સમયમાં કોરોના ની મહામારીમાં રક્ત અને પ્લાઝમા રક્તની ઉણપ વર્તાય રહી છે રક્ત અને પ્લાઝમા રક્તની ખુબજ ઉણપ છે તેવા સમયમાં કોરોના પોઝિટવ દર્દીઓને રક્તની ખુબજ જરૂરિયાત છે. પ્લાઝમા રક્ત ખુબજ ઉપયોગી બને છે આવા સમયે જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી બનાસકાંઠા કોવિડ-૧૯ સેવા ટીમ દ્વારા જિલ્લાના દરેક તાલુકા મથક ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રવિવારના રોજ પાંથાવાડા અને દાંતીવાડા ના રક્ત દાતાઓ માટે વિજ્યાસર કોલ્ડ સ્ટોર, ચોડુંગરી ખાતે રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. રક્ત દાતાઓ માટે નાસ્તા અને ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી. જેમાં દાંતીવાડા અને પાંથાવાડાના ગામોથી ભાઈઓ અને બહેનોએ હિતેશભાઈ ચૌધરી કુશકલ અને પ્રકાશભાઈ ચૌધરી રેડિયંટ ઈવેન્ટ પાલનપુરના માર્ગદર્શન હેઠળ અને શ્રી અર્બુદા ગ્રામ વિકાસ ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી બ્લડ સેન્ટર અને એફરસીસ સેન્ટર પાલનપુર ના સહયોગથી રક્તદાન કરી ૧૦૨ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બનાસ મેડિકલ કોલેજના પ્રમુખ પી.જે ચૌધરી, પાંથાવાડા APMC ચેરમેન સવસીભાઈ ચૌધરી પાંથાવાડા, ધારાસભ્ય નથાભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ભાજપ દાંતીવાડા નટુભાઈ ચૌધરી, દાંતીવાડા તા.ભાજપ મહામંત્રી હરજીવનભાઈ ચૌધરી,હરીભાઇ જેગોડા સેક્રેટરી પાંથાવાડા, દિનેશ બોકા હરિપુર, નરેશભાઈ ચૌધરી વાછોલ પ્રમુખ હ્યુમન ચેરીટેબલ ટ્રસ્ટ, વિકેશભાઈ જેગોડા ચોડુંગરી,મુકેશભાઈ ચૌધરી ઓઢવા, શંકરભાઈ ચૌધરી સોડાલ, હરેશભાઈ ચૌધરી મહુડી, અશોકભાઈ ડી. ચૌધરી, ભીખાભાઈ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોએ અને અનેક યુવાનોએ ઉપસ્થિત રહી રક્તદાન કરી કેમ્પને સફળ બનાવ્યો હતો.




**બ્રહ્મ સમાજના સંસ્થાપક, સામાજિક સુધાર આંદોલનના પ્રણેતા, આઝાદી થી પહેલા ભારતીય સમાજને સતી પ્રથા, બાળવિવાહ થી છુટકારો અપાવનાર મહાન સમાજ સુધારક તેમજ શિક્ષા ના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપનાર રાજારામમોહનરાય ની જન્મજયંતિ નિમિતે શત શત વંદન..**

# કોવિડ-૧૯ ના નેશનલ એક્સપર્ટ ગૃપ ઓફ વેક્સીન એડમિનીસ્ટ્રેશન દ્વારા કોવિડ-૧૯ વેક્સીન અંગે અપાયેલું માર્ગદર્શન

રાજપીપલાતા ૨૪

કોવિડ-૧૯ના નેશનલ એકસપર્ટ ગ્રૂપ ઓફ વેકસીન એડમિનિસ્ટ્રેશન (NEGVEC) દ્વારા હાલની કોવિડ-૧૯ની પેન્ડમિક પરિસ્થિતિ, વૈજ્ઞાનિક પુરાવા અને અનુભવને ઘ્યાને લઈને કોવિડ-૧૯ વેકસીન અંગે માર્ગદર્શન આપવામાં આવેલ છે. NEGVEC દ્વારા નીચે મુજબની ભલામણ તા-૧૯-૫-૨૦૨૧ ના રોજથી કરવામાં આવેલ છે, જે ભારત સરકાર દ્વારા સ્વીકારેલ છે.

તદ્અનુસાર, કોવિડ-૧૯ ના નેશનલ એકસપર્ટ ગ્રૂપ ઓફ વેકસીન એડમિનિસ્ટ્રેશન (NEGVEC) દ્વારા કોવિડ-૧૯ વેકસિન લેવાનું મુલત્વી રાખવા કરાયેલી ભલામણ મુજબ જો કોઇ ને કોવિડ-૧૯ નો રિપોર્ટ પોઝિટિવ આવેલ હોય તેવા કેસમાં કોવિડ-૧૯ વેક્સીન રિકવરી પછી ૩ માસ સુધી મુલત્વી રાખવી, કોવિડ-૧૯ ના દરદી જેમને મોનોકલોનલ એન્ટિબોડી અથવા પ્લાઝમા થેરેપી આપવામાં આવી હોય તેવા કેસમાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ પછી કોવિડ-૧૯ વેક્સીન ૩ માસ સુધી મુલત્વી રાખવી, કોવિડ-૧૯ નો પ્રથમ ડોઝ લીધા પછી બીજા ડોઝનું શિડયુલ પુરૂં કરવાનું બાકી હોય અને કોવિડ-૧૯ નો ચેપ લાગ્યો તેવા કેસમાં કોવિડ-૧૯ બિમારીમાંથી રિકવરી થયાના ૩ માસ સુધી કોવિડ-૧૯ વેકસીન મુલત્વી રાખવા જણાવાયું છે. તેવી જ રીતે, કોઇ વ્યકિત જેને સામાન્ય બિમારીથી હોસ્પિટલમાં દાખલ થવાની અથવા આઇ.સી.યુ. કેરની જરૂર પડી હોય તેવા કેસમાં ૪-૮ અઠવાડિયા સુધી કોવિડ-૧૯ વેકસીન મુલત્વી રાખવી, કોવિડ-૧૯ વેકસીન પછી અથવા જો કોવિડ-૧૯ બિમારી થઇ હોય તો RTPCR ટેસ્ટ નેગેટિવ આવ્યાના ૧૪ દિવસ પછી બ્લડ ડોનેટ કરી શકાશે, સ્તનપાન કરાવતી મહિલાઓ (ધાત્રી માતાઓ) ને કોવિડ-૧૯ વેકસીન લેવા માટેની ભલામણ કરવામાં આવેલ છે, કોવિડ-૧૯ વેકસીનેશન પહેલા વેકસીન લેનારનો રેપિડ એંન્ટીજન ટેસ્ટ (RAT) કરવાની કોઇ જરૂર નથી, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત નર્મદા-રાજપીપલાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

:જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.